ખાસ સુજ્ઞ શ્રાવકજનોને માટે

सुव्रतालोचन प्रकाश.

બનાવી છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. દુર્લભજી પુંજા તથા

ત્રવાડી રેવાશંકર હાઉજી.

ભાવનગર.

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં

એંગ્લોવર્નાક્યુલર પ્રિન્ટીંગ ' પ્રેસમાં '

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યો.

સંવત ૧૯૪૦—પ્રત ૧૦૦૯.

કિંમત રૂ. ૦—૩—૦

(ત્રણ આના.)

अर्पण पत्रिका.

પ્રિય જ્ઞાન મણિ પ્રભા પુસ્તકાલય.

તમારી દિવ્ય કાંતિના પ્રકાશવડે જીજ્ઞાસુજનોના હૃદય મ-
દિરમાંથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરી, ભવરૂપી
બંધનથી મુક્ત કરવા, તેમજ તમારા સ્વરૂપની
સાથે ઐકતા કરવા, અપાર શક્તિ ધરાવો
છો. એવા નિશ્ચયથી આ પુસ્તકનું
યથા શક્તિ મુજબ સંસોધન
કરી આપની પવિત્ર
શેવામાં અર્પણ
કરૂં છું.

લી: કર્તા.

આ પુસ્તક મારા જેષ્ટ બંધવ શા. છગનલાલ
પુંજા સ્વર્ગવાસી થવાથી તેમની યાદગીરી
માટે છપાવી સર્વ જૈનબંધુઓની
શેવામાં અંગીકાર કરૂં છું.

લી. શા. દુર્લભજી પુંજા.

પ્રસ્તાવના.

આગે હેતુ વિનય પૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરાવવા તથા દેવ ગુરૂ અને જીન પ્રણિત ધર્મની શ્રદ્ધામાં સ્થિર થઇ વૈરાગ ભાવની સાહાયતાવડે સ્મરણ શક્તિ મુજબ કરેલા વ્રત પચ્ચખાણોમાં લાગેલા દૂષણોનું આલોયણ કરી પવિત્ર થવાનો છે. વળી તેવી રીતે પવિત્ર થવા ઇચ્છા રાખનાર કેટલાએક ભવ્ય જીવો ધર્મગુરૂ દ્વારાએ શાસ્ત્ર સબંધી જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રથમથીજ મથન કરી પોતાના વ્રતોમાં લાગેલા દૂષણોનું શાસ્ત્રોક્ત રીતે આલોયણ કરી પવિત્ર થઇ શકે એવા ભાવિકજનો તો વિરલાજ દૃષ્ટિએ પડે છે; પરંતુ તે સિવાયના સેંકડો ભાવિક ભવ્યજીવો, જેઓને ધર્મ ગુરૂનો યોગ મળતાં છતાં જ્ઞાન મેળવવાનો પ્રસંગ મળતો નથી, તેમજ જેઓને કુગ્રામમાં વાસ હોવાને લીધે ધર્મ ગુરૂઓનો મેળાપ થતો નથી, તેઓ ધર્મ જ્ઞાન સબંધી તદન અજ્ઞાન હોય છે. તેઓ માત્ર લોક રૂઢી તથા કુળાચારની રીત પ્રમાણે એટલુંજ સમજે છે કે અમારા દેવગુરૂને ધર્મ જૈન છે. એવા ભાવિકોને કદાચને ધર્મ ગુરૂઓનો જોગ મળે તો તેઓના ધર્મ ઉપદેશથી સેજસાજ વ્રત પચ્ચખાણ ગ્રહણ કરી પ્રતિજ્ઞા પાળવા ઉત્સાહ રાખે છે. પરંતુ તેઓમાં લીધેલા વ્રત નિયમો પાળવાની કદર નહીં હોવાથી તથા શાસ્ત્ર જ્ઞાનથી અજ્ઞાન હોવાને લીધે, લીધેલા વ્રતને દુષણ લાગે તો ખરા અંતઃકરણથી પશ્ચાતાપ કરવાનું તથા ધર્મ કાર્ય કરતાં પોતાથી

બનેલી તકસીરોની ક્ષમા માગી પવિત્ર થવાનું બની શકતું નથી. માટે ઉપરની રીતે શાસ્ત્રજ્ઞાન જાણનાર તથા અજાણ્યા એ બંને પક્ષકારો આળોયણ કરવાની વિધિ વાંચી અથવા વિવેકી જનોના મુખથી શ્રવણ કરી એક સરખી રીતે લાભ લઇ શકે. તેવા હેતુથી આ પુસ્તક રચી જાહેર મુકવાની જરૂર પડી છે.

હું ધારૂં છું કે આ પુસ્તકના આધારથી મારા જૈન બંધુઓ પોતાને લાગેલા પાપકર્મનું નિવારણ કરી, અવશ્ય પવિત્ર થશે. વળી કેટલાક ધર્મના સંબંધથી અજાણ પુરૂષો પણ આ પુસ્તક વાંચી વિચાર કરશે તો તેઓના હૃદયને ધર્મ સબંધી યોગ્ય લાગણી થયા વગર રેહેશે નહીં. માટે સર્વ જૈન બંધુઓને મારી વીનંતી છે કે સંસારમાં ચાલતી પ્રવૃતિ અટકાવી એકાગ્ર ચીતથી વાંચી અથવા શ્રવણ કરી સાર ગ્રહણ કરશો, તો અવશ્ય કલ્યાણિક લાભ સહેલાઇથી મેળવી શકશો.

'વિનયપુર્વક જ્ઞાન પ્રાપ્ત કરવા વિષે.'

ગુહસ્થો ! અવિનય એટલે અભિમાનરૂપી દુશ્મનનું નિકંદન કરી વિવેક પૂર્વક વિનય અર્થાત નમ્રતા કરવી તેજ ધર્મ આરાધન કરવાના પ્રસંગનું મુખ્ય સાધન છે. માટે વિનયનું આરાધન કરવામાં પ્રથમથી પોતાનું મિથ્યા અભિમાન ત્યાગ કરી પવિત્ર ધર્મગુરૂના ચરણ કમળમાં વિવેક પૂર્વક નમ્રતા કરી તેમને સંતુષ્ટ કરવા, અને તેમની મનોવૃતિ મુજબ વરતવું. તેનું નામ વિનય કહેવાય છે.

વિનયની મહત્વતા માટે તત્વજ્ઞાનીઓ શાસ્ત્રકારે સ્પષ્ટ રીતે બતાવી ગયા છે કે.

विण ओ जिण सासणे मुलं, विण ओ निव्वाण साहगो;
विण ओ विप्प मुक्कस, कउ धम्मो कउतवो.

ભાવાર્થ—વિનય કરવો તે જૈનધર્મનું મુળ છે. તેમજ વિનયથી મોક્ષ પદનું આરાધન કરી શકાય છે. જેણે વિનયનો ત્યાગ કરેલ છે, તે ધર્મ તથા તપને લાયક થઇ શકતો નથી, માટે વિનય એજ ધર્મનું મૂળ છે.

मुलाउ खंधो पभवो दूमस, खंधाउ पछा समुवंतिसाहा,
साहा पसाहा विरु हंति पत्ता, तउसे पुप्फं च फलंरसोय

ભાવાર્થ—ઝાડને પ્રથમ મૂળ અને થડ હોય છે, અને થડ પછી મોટી શાખાઓ નીકળે છે. મોટી શાખાઓમાંથી

નાની શાખાઓ તથા તેથી પણ નાની ડાળીઓ નીકળે છે, ને તેમાંથી પાંદડા નીકળે છે. ત્યાર પછી ફૂલ અને ફળ થાય છે. અને તે ફળમાંથી જેમ રસની પ્રાપ્તિ થાય છે તેમ મોક્ષ પદનું આરાધન કરવા માટે "વિનય" એ ધર્મરૂપ વૃક્ષનું મૂળ છે. તેને જ્ઞાનરૂપી જળ સીંચવાથી સમકિત રૂપ થડ નીકળે છે, અને થડમાંથી પાંચ મહાવ્રત રૂપ મોટી શાખાઓ, તથા બાર વ્રતરૂપ નાની શાખાઓ, અને તેમાંથી નવતત્વરૂપ નાની ડાળીઓને ચાર તિર્થરૂપી પત્ર લાગે છે, અને તે પત્રના ઝુંડમાં પુન્યરૂપી કળીઓ બેસી સ્વર્ગરૂપ સુંદર સુગંધમય પુષ્પ ખીલે છે. તે પુષ્પોના મોક્ષરૂપી ફળ અને તે ફળમાંથી જે સુખ પ્રાપ્ત થાય છે, તેનું નામ રસ કહેવાય છે. માટે આત્મ કલ્યાણ કરવાની શરૂઆતમાં વિનયને મુખ્ય ગણેલ છે. જે વિનય કરવાથી સત્યાસત્યનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, વળી તેવા જ્ઞાનવડે સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ, તથા વૈરાગ અને કરૂણારસથી ભરપુર એવા ચારિત્રની પ્રાપ્તિ થાય છે. માટે સર્વ આત્મ હિતેચ્છકોએ વિનય પૂર્વક જ્ઞાન મેળવવા લક્ષ રાખવું, તે આ દુઃખરૂપી સંસારનો પાર પામવાનું ખરૂ સાધન છે; એવું સમજી દરેક શ્રાવક શ્રાવકીએ વિનય પૂર્વક જ્ઞાન મેળવી વ્રત પચ્ચખાણ વિગેરે ધર્મ ક્રિયા કરી પવિત્ર થવું, અને આદરેલા વ્રત પચ્ચખાણ વિષે દીવસ રાત્રી કે બાર માસ સુધીમાં સંસારની પ્રવર્તિને લીધે જે જે દુષણો લાગ્યા હોય તેનું નિવારણ કરવા માટે આલોચણ કરવું, એ એક અગત્યની ફરજ છે.

આલોયણ એટલે ઉપાર્જન કરેલા પાપ કર્મોનું સ્મરણ કરી પશ્ચાતાપ કરવો, તથા જે પ્રાણી સાથે વૈરભાવનો સંબંધ બંધાયો હોય, તેની પાસે નમ્રતા પૂર્વક ક્ષમા માગી નિર્દોષ થવા પ્રયત્ન કરવો. કારણ કે એવી રીતે ક્ષમા માગવાથી કરેલા પાપ કર્મોનો અંત સત્વર આવે છે.

આલોયણ કરનારને પહેલી સુચના.

પરમ પવિત્ર કૃપાળુ શ્રી વિતરાગદેવે પ્રથમ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, યોગાશ્રમમાં પ્રવેશ કર્યો. અને કર્મરૂપી શત્રુઓનું નિકંદન કરવા માટે ઘોર તપ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું વળી તે જ્ઞાનની શક્તિવડે ભયાનક ભવરૂપી સમુદ્રમાં ધસી પડતા ભાવિક ભવ્યજીવોને તારી પાર ઉતારવા માટે ધર્મોપદેશ કર્યો. તે ઉપદેશ કરતી વખતે "સાગાર" તથા "અણગાર" એવા બે ધર્મ બતાવ્યા છે.

સાગાર (શ્રાવક ધર્મ) એટલે સમકિત જ્ઞાન પૂર્વક બાર વ્રત અને અગીઆર પડીમા આદરી પાળવાનો પ્રયત્ન કરવો.

અણુગાર (ત્યાગ ધર્મ) એટલે સમકિત જ્ઞાનપૂર્વક પાંચ મહાવ્રત સુમત, ગુપ્ત વિગેરે ચારિત્ર, ક્રિયાઓ સાથે બાર પડિમા પાળવી.

ઉપરની બે બાબતમાં શ્રાવકવર્ગને પાળવા માટે જે જે વ્રત નિયમોની ક્રિયા વિધિ બતાવેલી છે, તે વિધિથી સ્ત્રી પુરૂષો યથાશક્તિ વ્રત નિયમો પાળવા લાભ લેતા હશે. પરંતુ લીધેલા વ્રત નિયમોને પાળવાની વખતે સંસારમાં ચા-

ળની પ્રવર્તિઓના કારણુથી જ્ઞાન, દર્શન, ચારિત્ર કે તપને વિષે અતિચાર વિગેરે કોઈ પણ દોષનું શેવન કરવાથી મૂળ વ્રત તથા ઉત્તર વ્રતમાં વિરાધનાઓ થઇ જતી હશે, માટે તેઓનું નિવારણુ કરવા ખરા અંતઃકરણુથી અરિહંત સિદ્ધ અને પોતાના આત્માની શાક્ષીથી પોતાથી બનેલા પાપકર્મોને અનુક્રમે યાદ કરી પશ્ચાતાપ કરવો, તથા પોતાના દુરાચારી સ્વભાવથી મુક્ત થવા, આત્મ નિંદા કરીને જગતની મમતા ઉત્તારવી.

આત્મનિંદા કરનારાઓએ કરેલા કર્મને યાદ કરી પશ્ચાતાપ કરવા વિષે ક્રિયા વિધિ.

પ્રથમ નવકાર મંત્ર ભણી ચતારી મંગળનો પાઠ ભણુવો. ત્યારબાદ પોતાની આત્મનિંદા કરવા અને જગતનું અનિત્યપણું સમજવાની ખાતર વિચારમાં પ્રવેશ કરી નિચે મુજબ ચિંતવન કરવું.

અહો! પાપી પામરે પશુ જેવા આત્મા! તું પોતે અનંતકાળથી આહાની દુનિયાના મોહરૂપ ફાંસામાં ફસાઇને નૃત્ય કરનારા નરની માફક નાના પ્રકારના રૂપ ધારણ કરી ભવાટવિના ચોગાનમાં જન્મજરા અને મરણનું ચક્ર ફેરી આવ્યો. ત્યાં તું સ્ત્રી પુરૂષ અને નપુસકના સબંધથી સ્વપ્ન જેવા કામ ભોગની રમતમાં ગમત કરીને વખત ગુજારતો હતો. વળી અતિશય મમતાને લીધે માતા, પિતા ભાઇ, ભાર્યા, બેન, બેટી, કુટુંબ કબીલો, ન્યાતી જાતી, ગો

ત્ર પીત્ર, તથા નોકર ચાકર એ સર્વ મારા છે. તેમજ હુ તેમનોછુ; એમ માની તેઓના પ્રેમપાસમાં બંધાઈ તેઓને માટે અનેક જાતના વક્ર કર્મ કરી, તથા બીજા પ્રાણીઓ સાથે વિરૂદ્ધ પણે વર્તી, પુરશ્ન પાપીની પંક્તિમાં પંકાતો હતો, તે જેવા કે ભીલ, બાવર, કોળી, ઢીમર, વાઘરી, ખાટકી ચડીમાર અને ચમાર વગેરે અનાર્ય કુળોમાં જન્મ પ્રાપ્તિ કરી અનેક પ્રાણીઓના પ્રાણુનો નાશ કર્યો. તેમજ કાજી, મુલાં તથા ભુવાઓના દરજ્જામાં મારણ, મોહની, વશીકરણુ વગેરે યંત્ર, મંત્ર સાધન કરવા પ્રાણીઓનો હોમ કરાવી કર્મનું ઉપાર્જન કર્યું. વળી કોટવાળના હોદા લઇ ચોર વિગેરે ગુનેગાર તથા શકદારો અને શાહુકારોને શીર તકસીરનો આરોપ મૂકી જુલમ ગુજારી બધ બંધનના કર્મ કર્યા. તેમજ પશુ પક્ષી વગેરે અનાથ પ્રાણીઓને ભોજન પાન કરતા અટકાવ્યા, તથા ખેતરમાંથી સુંડ નિંદણુ કરાવ્યા, શેરડીના વાઢ પીલાવ્યા, કપાસ લોઢાવ્યા, ઘાણીમાં તલ સરસવ વગેરે પીલાવ્યા, બાગ બગીચામાં રોપ રોપાવી ફુલ ફલ, કમળ, માંજર અને પત્ર તોડાવ્યા ગળીઆરા કલાલ, ચમાર વિગેરેના કુંડમાં સોડ કરાવ્યા; સોના, રૂપા તાંબા વિગેરે ધાતુઓની ખાણુ ખોદાવી રસ ગળાવ્યા; વળી સકરા, સમળી વાઘ, વરૂ, ચિત્રા, મંજાર કુતરા, કુકડાં, વિગેરે હિંસક પ્રાણીઓ પાળી તેઓ પાસે હિંસા કરાવી; સુયાણીના કસબમાં ગર્ભપાત કરી [1]અસા-

૧ અજ્ઞાનથી તથા મહાકષ્ટથી ભોગવતાં ખમી શકાય નહિ તેવા.

ણા કર્મ કર્યાં: ધર્મ ગુરૂ પાસે ફોકટ ફુલાઇ મૂળ તથા ઉ-
ત્તર વ્રત લઈ, પાળવાને બદલે વિરાધના કરી; તેમજ ક્રોધ
માન, માયા, લોભમાં હાંસી હઠ અને કદાગ્રહથી ધર્મ શત્રુ
બની ધર્મ વિરૂદ્ધ દુરાચરણો સેવન કર્યા; એવિગેરે અનેક
વક્ર કર્મો કરેલા અને તેના આધારથી સર્વ લોકના સ્થાન-
કમાં અનંત પુદગળ પરાવર્તન કરી અસહ્ય દુઃખને પાત્ર
થયો. કારણકે સમકીત પૂર્વક જ્ઞાન અને ચારિત્રરૂપ જીન
પ્રણિત ધર્મની ક્રિયાઓનું આરાધન નહી કરવાથી સર્વ જ-
ન્મ નિર્થક ગુમાવ્યા. માટે તું પોતેજ પોતાનો શત્રુ થઇને
મળેલી તકનો લાભ લઈ શક્યો નહીં, તો હવે પછી એ-
વી સ્થિતિ નહીં ભોગવવાને અને પ્રાપ્ત થએલી જીંદગીને
સુધારવાને તારો પુન્યોદય થયો, અને તેને લીધે તને પવિત્ર
તિર્થરૂપ ધર્મગુરૂનો સંજોગ થવાસાથે તેઓના મુખરૂપી ઝરા-
માંથી નીકળતો સુબોધરૂપ અમૃત વાણીનો પ્રવાહ તારી
શ્રવણેંદ્રીરૂપ કુંડમાં પડીને તારા હૃદય કમળરૂપ બગીચા
ને નવ પાલ્લવ કરવા પ્રસરી રહેલો છે. માટે તેવા ધર્મોપ
દેશથી તુ તારૂં કલ્યાણીક કાર્ય સહેલ કરવા આ જગત જં
જાળમાં મચી રહેલી મમતાને અટકાવ; અને તેવાજ
ગુરૂબોધની શક્તિવડે ધર્મક્રિયામાં પ્રવર્તી ચલાવ, કે જેથી
તને સંસારની જાળમાંથી છુટી જવાની તક મળે*

---

*શાસ્ત્રબોધ શ્રવણ કરવાથી પવિત્ર બુદ્ધિ થાય છે તે
થી ઉત્તમ ગુણો પ્રદિપ્ત રહે છે. માટે શાસ્ત્રોપદેશ શ્રવણ
કરવું તે ગુણોને દિપ્ત કરવાનું કારણીક છે. પવિત્ર બુદ્ધિથી

વળી હે આત્મા ! તારે ગુરૂ વિષે નિશ્ચે સમજવાનું એટલુંજ કે આફાની દુનિયામાં ખરેખરો મદદગાર તથા વહાલો સબંધી ધર્મોપદેશક પવિત્ર ગુરૂ સિવાય બીજો કોઇ નથી, સબબ કે તેઓ હરવખતે તારૂં તારણ કરવા માટે અનેક પ્રકારના શાસ્ત્રોક્ત રીતે નાખેલા દલીલો તથા વૈરાગ અને કરૂણારસથી ભરપુર પરમાર્થીક સદ્બોધ આપી, તારી ચપળ ચિત્તની પ્રવર્તી અટકાવવા અને ધર્મના રસ્તા તરફ દોરવવા બેહદ પ્રયત્ન કરે છે. પણ તું સંસારની બેહદ મમતામાં મચીને, આગળ બતાવેલા પ્રપંચી કુટુંબીઓના સંબંધમાં બંધાઇને, તેઓને. માટે પઠ કર્મનો સંચય કરતા આંચકો ખાતો નથી પણ તું યાદ રાખ ? કે આખર ઉપર તારા માનેલા સંબધીઓ તને શારીરીક તથા માનસિક દુઃખના પાસમાં સપડાઇ ગએલો જોઈ બચાવી પાર ઉતારવા તેઓ શક્તિવાન નથી. માટે એમ વિવેકની દૃષ્ટિથી વિચારી જોતો પ્રત્યક્ષ જણાઇ આવે. પણ મોહાંધ

ઉત્તમ આચાર પાળિ શકાય છે. ઉત્તમ આચારથી ઇંદ્રીઓનું નિગ્રહ થાયછે. ઇંદ્રિઓનુ નિગ્રહ કરવાથી ક્રોધ વગેરે કષાય ઝીતી શકાય છે. કષાય ઝીતવાથી મનનિ પવિત્રતા થાય છે. અને મનની પવિત્રતાથી ધર્મધ્યાન તથા શુક્લ ધ્યાનમાં પ્રવેશ કરી શકાય છે. અને તેવા ઉત્તમ ધ્યાનની શક્તિવડે બાહ્ય તથા અભ્યંતર કર્મના બંધનથી મુક્ત થવાય છે એવી રીતે જીવન મુક્ત થવું તેનું નામ આચારોપદેશના ફુલ સર્વોત્કૃષ્ટ સુખ પ્રાપ્ત કર્યું કહે છે.

બની તેઓના પ્રપંચથી હાવ ભાવ અને પ્રેમ પ્રીતિને આધિન થઇ જીંદગીના ખરા સાર્થકનો ત્યાગ કરે છે, તો તારામાં એ કેટલીક ખામી છે તેનું તું ચિંતવન કર

વળી હે આત્મા! તારા ભોગોપભોગને માટે મેળવેલી વસ્તુઓ જે કે થોડા યા ઘણા મુલ્યની, ભારે અથવા હલકી, સચેત યા અચેત વિગેરે જે જે પદાર્થો ઉપર તારી મમતાનો પ્રસાર થાય છે; તે મમતાનું નામ શાસ્ત્રકારે પરિગ્રહ કહેલું છે. અને પરીગ્રહ છકાય જીવોનો આરંભ કર્યા સિવાય સ્વભાવિક રીતે બની શકતો નથી પણ તેનો બારીકીથી તપાસ કરતાં પ્રત્યક્ષ માલમ પડશે કે તે મમતા રૂપ પરિગ્રહ બેહદ અનર્થનું કારણ અને પાપમાં પુષ્ટિ કરાવી દુર્ગતિમાં ઘસાવનાર છે. તેમજ મોહ, મત્સર, કામ, ક્રોધ, માન, કપટ, અને લોભને તાબે કરાવનાર છે. રાગ દ્રેષ અને અજ્ઞાનને આશ્રય આપનાર છે. જતિ ધર્મરૂપ કલ્પ વૃક્ષના ઉત્તમ વનને પ્રજ્વળિત કરનાર છે. ન્યાય નિપુણતા, લજ્જા, દયા, ક્ષમા, શિયળ, સંતોષ ક્રિયા અને ધૈર્યાદિક સદ્ગુણોને હાની પહોંચાડનાર છે. વિષય રૂપી શત્રુઓને મદદ કરનાર છે. ચિંતા શોકના પાસમાં સપડાવનાર છે. કુડ કપટ, પ્રપંચ આશા અને તૃષ્ણામાં વૃદ્ધિ કરાવનાર છે. એ વિગેરે બીજા અનેક દુર્ગણોથી ભરપૂર છે એમ જાણે છે તોપણ તે મેળવવાની આતુરતાએ લોભાંધ બની ભવિષ્યના હિતને માટે કશી દરકાર રાખતો નથી.

વળી હે આત્મા! આ દેહને માટે તારે એમ સમજા-

નું છે કે, માત પીતાના શુક્ર શ્રોણીતથી બંધાએલું આ-
શવંત અને ગંદકીની ભરપુર શરીરને તું પોતાનું માની
ની દુરસ્તીને માટે અનેક પ્રકારની ખોરાકી પોશાકની ગો-
ના કરવામાં તું કાંઇ પણ ખામી રાખતો નથી. પણ પ-
ણામે વિચારતા માલમ પડશે કે, આ શરિર જે નિય
તો સર્વનિંદિત પદાર્થોથી ઉત્પન્ન થયેલું છે, અને મળ મુ-
નુ આશ્રમ તથા હાડચર્મ અને નસા જાળથી મઢાએલું
દા અપવિત્ર કૃમિ વિકાર, વાય, પિત, સલેષમ કફ અને
નિપાત આદે સેંકડો રોગોથી ભરપુર છે, તેપર મોહાંધ
ની વિષયની આતુરતાએ તેનો ભોગેપભોગ કરવામાં જે
ી પુરૂષો પોતાની જીંદગીનો અમુલ્ય વખત ગુમાવી આ-
ર પોતે પોતાની સદ્દગતિનો નાશ કરી દુર્ગતિને પામે છે,
મ તારી ગતિ ન થાય, માટે હે આત્મા! ઉપર બતાવેલ
તલબી કુટુંબ તથા ચપળ લક્ષ્મિ અને આ નાશવંત શ-
રપરથી મમતા ઉતારી પોતાના નિર વિકલ્પિ આત્મસ્વ-
પનું ચિંતવન કરવા તત્પર રહે, કે જેથી આ ભવરૂપી
મુદ્રનો સહેલાઇથી પાર લઇ શકાય.
એ રીતે ઉપર મુજબ આત્મનિંદા કરી ગુરૂ સ્તવન કરવું.)

ગુરૂની સ્તુતિ કરી નમ્રતા પૂર્વક આળોયણ કરવાની મનસા બતાવવા વિષે.

પરમકૃપાલુ, તિર્થરૂપ શિરછત્ર પવિત્ર ગુરૂ! હું અભા-

ગી દુષ્ટ ખળ અને પરનિંદા કરનાર, છિદ્ર ગ્રાહી, નિર્દય, વિષય લાલચી અને પરગુણ દ્વેષી, આપ ગરજી, અ-લ્પમતિવંત, વિશ્વાસ ઘાતકી અને ગુરૂ દ્રોહી એ વિગેરે અ-નેક દુર્ગણોથી ભરપુર છઉં. પણ પૂર્વના કાંઇક સુકૃત્યને લી-ધે આપ જેવા સદ્દગુરૂનો સતસંગ થયો, અને આપે મા-રા પ્રત્યે કૃપા દ્રષ્ટિની વૃષ્ટિ કરી મારૂ તારણ થવા માટે વૈ-રાગ અને કરૂણા રસથી ભરપુર ધર્મજ્ઞાન બતાવી ઉપકાર કર્યો; અને તેના આધારથી મારી સ્મરણ શક્તિ અને સ-મજણ મુજબ મુળગુણ ઉત્તર ગુણોના નિયમો તથા વ્રત પચખાણની મેં દિક્ષા કરી. વળી તેવાજ ઉત્સુક ભાવથી લી-ધેલા વ્રત પચખાણનો નિર્વાહ કરવા ઉદ્યોગ કરૂં છું, તેમ છતાં સંસારિક કાર્યોમાં પ્રવર્તવાને લીધે અગર મારા પરા-ધિન પણાથી પ્રમાદ, ભુલ, તથા બેદરકારીને લીધે લીધેલા વ્રતોમાં નાણું અતિચાર માહેલો કોઇ પણ દોષ સેવન ક-ર્યો હોય, તો આ અમુલ્ય પ્રસંગે મન વચન અને કાયા-ના શુદ્ધ જોગે કરી આપની સહિતાવડે મુક્ત થવાની આ-કાંક્ષાએ મારાથી બનેલી તકસીરો યાદ કરી ક્ષમા માગુ છું અર્થાત આળોયણ કરૂં છું.

(ઉપર મુજબ ગુરૂની સ્તવના કરી ક્રિયા વિધીની આજ્ઞા માગવી.)

આળોયણની ક્રિયા વિધિ.

પ્રથમ નમોકારનો પાઠ ભણવો, અને તે પાઠમાં બ-તાવેલા પંચપરમેષ્ઠિ અર્થાત અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉ-

પાધ્યાય અને જીનઆજ્ઞા મુંજબ વર્તનારા સર્વ સાધુઓ, એ પાંચને તિખ્ખુતાના પાઠથી વિધિ મુજબ વંદન કરવું. ત્યાર બાદ ઇરિયા વહીનો પાઠ અને તસ્સ ઉત્તરીનો પાઠ ભણી અબોલ રહી જીભ હલાવ્યા વગર સ્થિર થઇને મનની ચિંતવનાએ ઇરિયા વહીનાં પાઠનો કાઉસગ્ગ કરવો, અને તે પુર્ણ થએથી નમો અરિહંતતાણંના ઉચ્ચાર સાથે કાઉસ્સગ્ગની સમાપ્તિ કરવી. પછી લોગસ્સનો પાઠ ભણી જમણું ઢિંચણુ જમીનપર સ્થાપિ ડાબુ ઢિંચણુ ઉંચુ રાખી કમળના ડોડાની રીતે બે હાથની અંજલી જોડી ડાબા ઢિંચણુપર સ્થાપીને સિદ્ધ અરિહંત અને ઉપકારી ગુરૂના ગુણોનું સ્તવન કરવા માટે ત્રણ નમોથુણં ભણવા. ત્યાર પછી આળોયણમાં પ્રવેશ કરવો.

આળોયણમાં પ્રવેશ કરતાં પ્રથમ જ્ઞાનમાં લાગેલા દોષોનું નિવારણ કરવા વિષે.

શ્રીમંત કેવળજ્ઞાની મહારાજે પોતાના મુખથી પ્રકાશ કરેલા આગમ અર્થાત સુત્ર જ્ઞાન, તેનો અભ્યાસ તથા સજ્ઝાય કરતાં ચૌદ અતિચારમાંથી કોઇ દોષ સેવન કર્યો હોય તે આળોવું છું.

સુત્રના શબ્દો અવળાસવળા ભણી જવાથી દોષ લાગ્યો હોય ૧ શુન્ય ઉપયોગે ચપળ સ્વભાવ રાખી ભણવાથી ૨ સુત્ર શબ્દો કરતાં અધિક ઉમેરી ભણવાથી ૩ સુત્ર શબ્દોને સંકેલી ભણવાથી ૪ ભણતા અશુદ્ધ ઉચ્ચાર

કરવાથી ૫ અવિનિત, ક્લેશી દગાખોર, અને પ્રપંચ કરનારને જાણીને જ્ઞાન આપવાથી ૬ વનિત વિવેકી અને સંતોષીને જ્ઞાન નહીં આપવાથી ૭ ચાર પુનેમ તથા ચાર પડવા તથા સવાર બપોર સંધ્યા અને મધ્ય રાત્રી, એ બાર અકાળના વખતમાં સુત્રના પાઠની સઝાય કરવાથી ૮ સઝાયના સમયમાં સ્ત્રી આદિક ચાર વિકથા કરવાથી ૯, ઉદારીક વિગેરે વીશ અસઝાય હોય ત્યારે તથા ગંદકીની અશુદ્ધ અને અપવિત્ર જગોમાં સઝાય કરવાથી ૧૦ પવિત્ર જગોમાં સઝાય ન કરવાથી. ૧૧ દોષ લાગ્યા હોય અને વળી અભિમાનથી જ્ઞાની પુરૂષોની નિંદા કરવાથી, તથા ખોટા પ્રશ્નો પૂછી તેમની સાથે વિવાદ કરવાથી જ્ઞાનીઓ ઉપર મિથ્યા આરોપ મુકવાથી, ઉપકારી ગુરૂએ કરેલા ઉપકારને બદલે તેમનો અપકાર કરી પ્રતિ પક્ષી બનવાથી, જ્ઞાન લેનારાને અવળી સલાહ આપી અંતરાય પાડવા વિગેરે અનેક દુષણોથી કર્મ ઉપારજન કર્યા હોય, વળી હઠકદાગ્રહથી પ્રપંચના વિચારમાં સુત્ર વિરૂદ્ધ ઉપદેશ કર્યા હોય, તેમજ સુત્રના શબ્દોની ઉપહાસ કરી નિંદક લોકોમાં નિંદા કરાવી હોય, એ વિગેરે જ્ઞાન સબંધી કોઈપણ દુષણ સેવીને અવિનય, અસાતના, અભક્તિ, જાણતા અજાણતાં, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી, અજ્ઞાન બુદ્ધિએ દિવસ રાત્રી કે બાર માસમાં જે કાંઈ જ્ઞાન વિરાધના કરી અપરાધ કર્યો હોય, તો અરિહંત સિદ્ધ અને કેવળ જ્ઞાની મહારાજની સાક્ષીથી મિચ્છામિ દુક્કડં અર્થાત તે સર્વદોષ નિષ્ફળ કરૂં છું.

સમકિત (સર્ધા)માં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સમકિત એટલે જૈનધર્મની શુદ્ધ શ્રદ્ધા રાખવી અને તે સિવાય સર્વ જગત અનિત્ય અને નાશવંત છે એવું જ્ઞાનથી નિશ્ચે માની દૃઢ પ્રતિજ્ઞા કરવી તે સમકિત, દર્શન અને શ્રદ્ધા એ ત્રણ નામથી ઓળખાય છે. તેમાં શંકા કંખા વિગેરે પાંચ અતિચારોમાંથી જે કોઇ દોષ લાગ્યો હોય તેની આલોયણ કરૂં છું.

શંકા—પોતામાં અલ્પ જ્ઞાન હોવાને લીધે ધર્મશાસ્ત્રો વાંચતા ભણતાં કે શ્રવણ કરતાં કોઇ વિષયમાં સમજણ ન પડે અને તેથી થએલા વહેમનુ નામ શંકા કહેવાય છે.

જેમકે એક નાની લસણની કણીમાં અનંતા જીવનો સમાવેશ થએલો કહે છે, તો એટલી નાની કણીમાં અનંતા જીવ કેમ સમાયા હશે, એવી જે કલ્પના ઉત્પન્ન થાય તેનું નામ શંકા દોષ.

કંખા—જે ધર્મ અસત્ય અને પ્રપંચી હોય તેમ છતાં તેપર મોહિત થઇ તેની ઇચ્છા કરવાથી જે દોષ લાગે તેનું નામ કંખા દોષ.

વિતિગિચ્છા—જે ધર્મ ક્રિયાઓને હું આદરપૂર્વક પાળું છું, તેજ ધર્મ ક્રિયાઓનો અને આ જન્મ કે પર જન્મમાં લાભ મળશે કે નહીં એવી કલ્પના કરવી તેનું નામ વિતિગિચ્છા દોષ કહેવાય છે.

પરપાષંડ પ્રસંસા— મારા ધર્મમાં, પાળવાને માટે બેહદ તસ્તી વેઠવી પડે છે, પણ તે કરતાં તેજસ્વી અને થોડી મેહેનત તથા મોજ મજા સાથે ઘણી સહેલાઈથી પણુ લાભ મેળવી શકાય, તેવા અમુક ધર્મની પ્રસંસા કરવી તેને પરપાષંડ પ્રશંસા દોષ કહે છે.

પરપાષંડીનો પરિચય—પોતાને પોતાના દેવ ગુરૂ અને ધર્મપર પ્રીતી ઓછી હોવાથી તેમજ તેનું આરાધન કરવાની કદર નહીં સમજવાથી, અન્યદર્શનીઓના દેવ ગુરૂ અને ધર્મપર પ્રીતિ દર્શાવી તેના તહેવારોના પ્રસંગની ધામધુમમાં ભાગ લેવા જોડાવું તે પરપાષંડીનો પરિચય દોષ કહેવાય છે.

ઉપર વર્ણવેલા પાંચ દોષોનું સેવન કરી મારી સમ્યશ્રદ્ધાને દુષિત કરી હોય, અને તે સિવાય ધર્મને બાને કલ્યાણ થવાની લાલચ રાખી, અજ્ઞાનીજનોની રીતે, નાવું, ધોવું, પીંપલે પાણી રેડવું, દીપક માલ કરાવવી તથા બોચરા,-ભવાની, ગૌગા, આશપાલ, ખેતરપાલ, હનુમાન, ઓત્રીજ, અશાપુરી, મેલડી, ખોડીઆર, અને હડકાઇદેવ વિગેરેના ભક્ત બની જાગ, જગન, હોમ અને વ્રત કરી લૌકિક મિથ્યાત્વનું શેવન કર્યું હોય; વળી ઓછી સમજણને લીધે એવી માનતા કરી હોય જે મારી આશા પાર પડે તો મારા ધર્મ ગુરૂ ગુરૂણીઓને વસ્ત્ર પાત્ર આહાર વગેરે વાંચ્છિત પદાર્થનું દાન આપી તેઓની શેવા બજાવીશ. તેમજ મારી અમુક ધારેલી મુરાદ પાર પડશે તો અઠમ

વ્રત વિગેરે એકાશી આંબેલ કરીસ, એવી કલ્પના કરી હોય. વળી લોભાંધ બની પારણા તથા લાણું લેવાની આશા રાખી, સંવર, સમાયક; પોસહ, ઉપવાસ વિગેરે કલ્યાણીક વ્રતનું નગ ધરાવી વ્રતને એબ લગાડી હોય.

વળી જે સાધ સાધ્વીઓ ધર્મ ગુરૂની આજ્ઞાનો ભંગ કરીને પોતાની ગરજી મુજબ ગસ્તાન બની ધર્મથી વિરૂદ્ધ ચાલતા હોય તેવા સાધ સાધવીઓનો પક્ષ મજબુત કરવા તથા મે પોતાની મતલબને માટે મળી જઇ ગુરૂના વિરૂદ્ધ પક્ષમાં ઉશ્કેરણી આપવા મનસા કરી, તથા તેઓની સાથે સ્નેહ રાખી ચાર સંધમાં કુશંપ કરાવ્યો હોય, તેમજ સમકિત જ્ઞાનથી પૂષ્ટી પામેલા ગુણીજનોની નિંદા કરી હોય, વળી ધર્મના આરાધક જનોપર વૈરભાવથી દ્વેશ આણી તેઓના વ્રત નિયમનું વિભગ કરવા રૂપ કૃત્ય કર્યું હોય એ વિગેરે ક્રોધ માન, માયા, કપટ, ને લોભમાં મચીને સમકિતને હાની કરનારા અને મિથ્યાત્વને પુષ્ટ દોષનું દિવસ રાત્રી કે બાર બાર માસમાં શેવન કર્યું કરાવ્યું કે અનુમોદન કર્યું હોય, તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છામિદુક્કડં કહું છું.

ઉપરની બાબતને માટે વિશેષણ એટલુંજ કે ધર્મ થવાની ખાતરતો નહીંજ પરંતુ ગૃહસ્થાશ્રમ ચલાવવાની ખાતર નાવું, ધોવું, પહેરવું, ઓઢવું તથા નાત રીવાજ પ્રમાણે વાર તહેવારોના પરવ કરવા, તેમજ કોઇ સંબંધીઓનું મન રાજી રાખવા માટે કોઇક દેવસ્થાનમાં જઇ,

ધુપ, દીપ, વિગેરે આરંભ સમારંભ કરવો પડે તો ગૃહસ્થાશ્રમની રૂઢી મુજબ કરવાને માટે મારા સમકિત ધર્મને ખામી પહોંચતી નથી. પરંતુ લૌકિક મિથ્યાત્વનું સેવન કર્યું ગણાય છે. માટે ખરા અંતઃકરણથી પશ્ચાતાપ કરૂં છું

બાર વૃતમાંથી પહેલા વૃતમાં લાગેલા દોષનું નિવારણુ કરવા વિષે.

સ્થુલપ્રાણાતિપાત—એટલે મોટા પ્રાણીઓ જેવા કે જે ઇંદ્રિ વિગેરે હાલી ચાલી શકે તેવાઓને જાણી જોઇને દેખી તથા ઓળખીને હણુવાની બંધી કરેલ છે. તેમ છતાં તેવા પ્રાણીઓનું વધ કરી પહેલા વૃતને દુષણુ લગાડયુ હોય, તો તેનું આલોચણુ કરૂં છું,

" બંધે " ત્રસ. એટલે ઉપર બતાવેલા હાલતા ચાલતા મોટા પ્રાણીઓને ગળે અથવા અમુક અંગોપાંગને વિષે સખત પીડા ઉત્પન્ન થાય, તેવો બંધ તથા ફાંસો બાંધવાથી દોષ લાગ્યો હોય તેને બંધેલ દોષ કહે છે.

" વહે " એટલે—ત્રસ જીવોના ઉપર સેપાકુળ બની રૌદ્ર પરિણામથી, લાકડી વિગેરેના પ્રહાર કરવાથી જે દોષ ઉત્પન્ન થાય છે. તેને વહે દોષ કહે છે.

" છવી છય " એટલે—ત્રસ જીવોના કાન, નાક વિંધવા તથા તે સિવાયના અંગોપાંગ કાપી નાખવાથી પીડા થાય છે, તેને છવીછય દોષ કહે છે.

અઇ ભારે એટલે-ત્રસ જીવોની ઓછી ઉમર તથા ઘાસ ચારા વિના નબળી સ્થિતીના હોય, તેવું જાણતા છતાં ભાડાની ગણતરીને લીધે તેઓના ગજા ઉપરાંત ભાર ભરી દુખી કરવા, તેને અઇ ભારે દોષ કહે છે.

" **ભત્તપાણુવોછેય** " એટલે જે પ્રાણીઓ ક્ષુધા તૃષાની આતુરતાએ યથા યોગ્ય ભોજન પાન કરતા હોય તેઓને અટકાવી પોતાની મતલબની ખાતર કામમાં લગાડીને અંતરાય કરે તેનું નામ ભત્તપાણુવોછેયે દોષ કહેવાય છે.

એ ઉપર બતાવેલા પહેલા વ્રતના પાંચ અતિ ચાર દુષણોમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તથા તે સિવાય બીજે પ્રકારે પ્રાણીઓની હિંસા તે જેમ કે સળી ગએલા અનાજ માંહેલા, તથા ભોગોપભોગ કરવાના જે પદાર્થો ઉપર ચડેલા જીવોનું રક્ષણ કર્યા સિવાય અજ્ઞાની લોકોની રીતે પોતાના ઉપયોગમાં લેવાથી, તથા ધર્મને માટે તો ન હીંજ પરંતુ પોતાની તનદુરસ્તી રાખવાની ખાતર નાવણ ધોવણ કરતાં, તેમજ પાણી ભરતાંગળતાં, ઉલેછતાં કે વાપરતાં તેમાં પડેલા પુરા વિગેરે પ્રાણિઓનો બચાવ નહીં કરવાથી વળી છાણાં લાકડાં જોયા વિના અગ્નિમાં નાખવાથી, તેમજ હાંડી, કુંડી, ઘંટી, ખારણીઓ, ચુલો, તાવડી વિગેરે જોયા પુંજ્યા વિના વાપરવાથી, તથા સાપ, વિંછી, અજુરા વિગેરે ઝેરી જીવોને પોતાના બચાવની ખાતર દુખી કરવાથી, તથા, જુ, લીખ, માંકડ, ધનેડા વિગેરે જી-

વોને ગોતી, રસ્તામાં તથા તડકામાં રેતીમાં કે ગરમ પાણીમાં નાંખી તે મારવાથી તથા કીડી, મકોડી, ઉધઈ વિગેરે, નાના જીવોના તેમજ નોલ, કોળ, ઘુંસ વિગેરે મોટા જીવોના દર પુરવાથી અથવા તેના દરોમાં પાણી તથા તેલ ઉનું કરી રેડવાથી તેમજ રાખેલી છુટ મુજબ સંસારીક કાર્ય કરતાં નિર્દયપણે ત્રસ જીવોને પીડા કરવાથી, પહેલા વૃતનું પાળન કરતાં દીવસ રાત્રી કે બાર માસમાં દુષ્ટ દોષ લાગ્યા હોય તો અરિહંત સિદ્ધ અને આત્માની સાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છામિદુક્કડં કહું છું.

બીજા વૃતમાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સ્થુલ મર્ખાવાદ એટલે—ધર્મને હાની કારક મોટી બાબતોને માટે જુઠું બોલવાની બંધી કરેલી છે. તેમ છતાં તેવી બાબતોને માટે જુઠું બોલી બીજા વૃતમાં પાંચ અતિચાર દોષનું સેવન કર્યું હોય તેનું આળોયણ કરૂં છું.

"**સહસા ભખાણે**" એટલે જે વચન બોલવાથી સાંભળનારાને ઉદ્વેગ ધ્રાસકો અને ફાળ પડે તેને સહસા ભખાણે દોષ કહે છે.

"રહસા ભખાણે" જે પ્રાણીથી કોઇ બાબતમાં ભૂલ થઇ હોય. તે ભૂલ પોતાના જાણવામાં આવે, તે વખતે તેના સર્વે રહસની વાતો બીજાઓ પાસે પ્રસિદ્ધ કરી ફજેત કરવું, તેને રહસા ભખાણે દોષ કહે છે.

" સહાર મંત ભય" પુરૂષે પોતાની સ્ત્રીના છાના છિદ્ર તથા સ્ત્રીએ પોતાના પુરૂષના છાના છિદ્રો બીજાઓને સંભળાવીને ઘરની ફજેતી મેળવે તેને સહાર મંત ભય દોષ કહે છે.

" મોસો વય સં " પોતાના માનવંતા ધર્મને ધક્કો પોંચે તેવી રીતનો ઉપદેશ કરે તેને મોસો વય સં દોષ કહે છે.

" કુડ લેહ કરણે " કોઇ ઉપર દ્વેસ રાખી તેના નામથી ખોટાં ખત લેખ લખી રાજ દરબારમાં ફરીયાદી કરે તેને કુડ લેહ કરણે કહે છે.

ઉપર બતાવેલાં બીજા વ્રતમાં પાંચ અતિચાર દુષણો માંથી જે કોઇ દોષ લાગ્યો હોય, તથા તે સિવાય બીજે પ્રકારે જુઠું બોલી કર્મ કર્યા હોય. તે જેવાં કે લાંચીઆ બની વર કન્યાના કજોડાં મેળવવા તથા ગય ભેંસ વિગેરે જાનવરો વેચનારની વચ્ચે દલાલીની આશાએ સુણી જાનવરોને દુઃખમાં નખાવવા, તેમજ ઘર હાટ કે ખેતર વાડીની હદ, પોતાની છે એમ ઠરાવવા માટે પ્રપંચ કરી ખોટી પ્રતિજ્ઞા કરવી, વળી લોભ, લાલચ, કામ, ક્રોધ, મોહ, મત્સર, કપટ, અભિમાન વિગેરે દુર્ગણોના આવેશથી હાસ્ય મશ્કરીમાં અસત્ય બોલવાની ટેવ, તેમજ કોઇ વિશ્વાસુ માણસે પ્રતિત રાખી થાપણની સોંપણ કરી હોય તે ઓળવવી, પાંચ પૈસાની લાલચે ખોટી શાક્ષી પુરવી, પરનિંદા કરવી, તથા કોઇની ચાડી ચુગલી કરી સામ સામે કજીઆ કલેશ કરા-

વવા, પોતાનાં માથે આવેલાં તહોમત બીજાને માથે આ-રોપવા, વળી પરને કુટવું, પીટવું, મારવું, તિરસ્કાર કરવો, ઈત્યાદિ કઠોર અને કરકસ શબ્દો વાપરી, બીજા વ્રતને દીવસ રાત્રી કે બાર માસમાં દુષિત કર્યું હોય, તો અરિહં-ત સિદ્ધ અને આત્માની સાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છા મિ દુક્કડં કરૂ છું.

ત્રીજા દત્ત વ્રતમાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સ્થુલ અદત્તાદાન—જે કે મોટી ચોરી કવાની બંધી કરી છે, તેમ છતાં લોભાંધ બની ભુલથી લીધેલા વ્રતમાં પાંચ અતિચાર દોષનું શેવન કર્યું હોય, તેનું આળોયણ કરું છું.

"તન હાડે" ચોરીનો માલ લેવો અથવા લેવ-ડાવવો તેને તન હાડે દોષ કહે છે.

"તક્કર પૌગે" ચોરી કરનાર લોકોને ચોરી કર વાને ખોરાકી પોશાકી વિગેરે આપી માલ રાખવાની મદદ કરવી, તેને તક્કર પૌગે દોષ કહે છે.

"વિરૂદ્ધ રજ્જાઇ કેમ" દેશાવરોમાંથી માલ લા-વતાં તથા લઇ જતાં પ્રપંચ કરી રાજ્યની વિરૂધ વરતી દાણ ચોરી કરવી, તેને વિરૂદ્ધ રજ્જાઇ કેમ દોષ કહે છે.

કુડ તોલ કુડ માણે તોલ તથા માપ, લેવાના અ-ધિક અને દેવાના ઓછા રાખવા તેને કુડ તોલે કુડ માણે

દોષ કહે છે.

તપડી રૂવગવ વહારે આહકોને સાગે માલ બતાવી હસ્ત ક્રિયા કરી નમ્સો આપવો તેને તપડી રૂવગવ વહારે દોષ કહે છે.

ઉપર બતાવેલા ત્રીજા વ્રતમાં પાંચ અતિચાર દુષણોમાંથી જે કોઈ દોષ લાગ્યો હોય તથા તે સિવાય બીજે પ્રકારે ચોરીના કૃત્યો કરવા, જેવાં કે વહાલા અને વિશ્વાસુ મીત્ર તથા સબંધીઓ સાથે પ્રપંચ કરવો, તથા તેવા સબંધીઓને વારસો ભોગવનાર પ્રજા નહીં હોવાથી તેઓના ધન માલનો વારસો મેળવવાની આતુરતાએ તેઓનું ગાડું તથા તેઓના મોતનું ચીન્તવન કરવુ. લોભાંધ બની પોતાનું જુજ કામ સુધારવા માટે સામાને હદ પારનું નુકશાન કરવું, પોતાને અમલદારીનો દરજાંન હોવાથી મદાંધ બની તથા લાંચખોર થઈ, નેક ન્યાય કરવાને બદલે અનિતિ કરવી તેમજ લુચ્ચા લફંગા અને બંડખોર ચોર લોકોની સાથે ખાનગી મસલત કરી લુંટ કરાવવી કોઈની ચાલતી રોજી તોડાવી આનંદ માનવો, તથા શેઠ શૈયારીની રકમ ચોરાવવી, કજ કદારા અને વ્યાજ વંટાતમાં એકના ચોગણા કરવા, કોઈ રકમ ધણીઆતી પડેલી હોય, તેને પોતાની માની ઉપાડી લેવામાં હિમ્મત ધરવી એ વિગેરે કોઈ પણ ચોરીના કૃત્ય કરવાથી ત્રીજા વ્રતને દીવસ રાત્રી કે પખ ર માસમાં દુષિત કર્યું હોય. તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છામિ દુક્કડં કહુ છું.

ચોથા બ્રહ્મ વૃતમાં લાગેલા દોષનુ નિવારણ કરવા વિષે.

ગૃહસ્થાશ્રમમાં રહી પોતાના ગૃહસ્થી[૧] ધર્મની આબાદી રાખવા માટે જેઓએ પર સ્ત્રી કે પુરૂષની સાથે સંસારીક સુખનો પ્યાર નહીં રાખતાં, માત્ર પંચની શાક્ષી તળે તે સ્ત્રી પુરૂષોએ પોતાના જોડાનો સબંધ રાખેલો છે. તેની સાથે પોતાનો ઘર વહેવાર ચલાવવા મટે હકસાઇ માનીને તેના સબંધમાં વહેવારિક વિશ્રાસ લેવાને મરજી મુજબ હદ મર્યાદા કરી, અમુલ્ય શિયળ રત્નનું આરાધાન કર્યું છે. તેમ છતાં વિષયાંધ થઇ લીધેલા વૃતમાં અતિચારમાંથી કોઈ દુષણ શેવ્યાં હોય તેનું આળોયણુ કરું છું.

ઇતરીએ—છોટી ઊંમરે પરણેલી સ્ત્રી તથા પુરૂષ હોય છે, પણ તેઓ લાયક ઉમરના નહીં છતાં તેની સાથે સંસારિક વહેવાર જોડવો તેને ઇતરીએ દોષ કહે છે.

અપરિ ગહિયા—પોતા સાથે વેવીશાળ મેળવેલી સ્ત્રી તથા તે સિવાયની સ્ત્રીઓ સાથે વહેવાર જોડવો તેને અપરિગહિઆ દોષ કહે છે.

અનંગ ક્રીડા—પોતાની પાસે બેઠેલા અથવા સુતેલાની સાથે અપલક્ષણુની રમત કરવી તેને અનંગ ક્રીડા દોષ કહે છે.

પરવિવાહ કરણે—પારકા વિવાહ તથા સગાઈના સાટા સુધારી આપવા મદદ કરવી. તેને પરવિવાહ કરણે દોષ કહે છે.

કામભોગ સુનિવાભિલાષ-રાખેલી છુટના વચનમાં પણ સ્વાન સ્વભાવની રીતે વહેવાર જોડવાની અતિશય આતુરતા રાખવી તેને કામભોગ સુતિવા ભિલાસ દોષ કહું છે.

ઉપર બતાવેલા ચોથા વ્રતમાં પાંચ અતિચાર દુષણોમાંથી જે કોઇ દોષ લાગ્યો હોય તથા તે સિવાય બીજે પ્રકારે ચોથા શિયલ વ્રતને હાનીકારક દુષણો શેવવાં તે જેવાં કે વિષયાતુરથી બેભાન બની પુરૂષે કોઇ સ્ત્રીપર તથા સ્ત્રીએ કોઇ પુરૂષપર જુલમ ગુજારવા તથા પાપકા નાબામાં જાણી જોઇ સપડાઇ જઇને દોષ શેવન કરવો તેમજ વિષય સુખની લલનામાં પોતાની મર્યાદા ખુલી કરી બીજાની દૃષ્ટિએ બતાવી તેઓને વિષયાંધ કરવા, ખુબ સુરત સ્ત્રી કે પુરૂષને તથા માતા પિતા ભાઇ બેન બેટા બેટી. અથવા પોતાના માન્ય પુજ્ય ધર્મ જ્ઞાન બતાવી બેહદ ઉપકાર કરનાર ગુરૂ અને ગુરૂણીઓને દેખી તેઓના પર વિષયની કલ્પના કરવી, પોતાના રૂપમાં તથા વિષયમાં વૃદ્ધિ કરવાની ખાતર તેમજ શરીરમાં બળ વિર્ય પુરૂષાર્થ વૃદ્ધિ કરવા માટે માયા માજમ ગાંજો જાયફળ અગર કસ્તુરી વિગેરે કામ દિપ્ત કરનારી ધાતુ અથવા કેફી ચીજો ચડાવવી વળી, ગાય ભેંસ વિગેરે જાનવરો સાથે વહેવાર જોડવાની કલ્પના કરવી, તેમજ તેઓને પરસ્પર વહેવાર જોડતાં જોઇ વિષય શેવનની કલ્પના કરવી, અથવા હમેશાં વિષયની કલ્પના કરવાને લીધે સ્ત્રી પુરૂષો સાથે હાંસી મશ્કરી ઠઠા, ઠેઠળી તથા

શૃંગાર રસથી ભરપુર સ્ત્રી પુરૂષોની વારતા કરવી, કરાવવી, કે સાંભળવી, તેમજ સ્વપ્ન તથા જાગૃત અવસ્થામાં દશ તથા બાર પરબી અથવા ધર્મના જે જે તહેવારો આવેલા છતાં તેની મર્યાદા ન ઈ રાખતાં લીધેલા વૃતની મર્યાદા તોડવી, એ વિગેરે કોઈ પણ દુરાચારી કૃત્ય કરવાથી ચોથા વૃતને દિવસ રાત્રી કે બાર માસમાં દુષિત કર્યું હોય, તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છામિ દુક્કડં કહું છું.

પાંચમા વૃતમાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સ્થુલપરિગ્રહ—જે કે મહા આરંભ કરી ધર્મથી વિરૂદ્ધ વરતી અજ્ઞાની લોકોની રીતે લોભાંધ બની પરિગ્રહ મેળવવાની બંધી કરેલી છે. તેમ છતાં તૃષ્ણાના વમળમાં ધસી, કરેલી મર્યાદાનું ઉલંઘન કરી પાંચમાં વૃતમાં પાંચ અતિચાર માંહેલો જે કોઇ દોષ શેવન કર્યું હોય, તેનું આલોવણું કરૂં છું.

ખેત, વથુ,નુ પમાણાઇક્કમે—ખેતર વાડી વિગેરે ખુલ્લી જમીન તથા ઘર હાટ વિગેરે મહેલી જમીનની કરેલી મર્યાદાનું ખંડન કરવું તેને ખેત,વથુ, નુપમાણાઇક્કમે દોષ કહે છે.

હિરણ્, સુવર્ણ,નું પમાણાઇક્કમે—ઘડેલા તથા

વગર ઘડેલા સોના રૂપાની મર્યાદાનું ખંડન કરવું તેને હિરણ્ય સુવર્ણનું પ્રમાણાઇક્રમે દોષ કહે છે.

ધન, ધાન્ય,નું પ્રમાણાઈક્રમે—ગહીરખંધ રોકડ નાણું તથા હીરા, રત્ન, મણી, માણેક, મોતી, લાલ. લીલમ, સર્કેલ અને પરવાળાની તથા ચોવીશ જાતના અનાજ સંગ્રહ કરવાની મર્યાદાનું ખંડન કરવું તેને ધન ધાન્યનું પ્રમાણાઇક્રમે દોષ કહે છે.

દ્વીપદ. ચોપદ,નું પ્રમાણાઇક્રમે—બે પગવાળા નોકર ચાકર વિગેરે તથા ચાર પગવાળા ગાય ભેંસ વિગેરે પશુઓ રાખવાની મર્યાદાનું ખંડન કરવું તેને દ્વીપદ ચોપદનું પ્રમાણાઇક્રમે દોષ કહે છે.

કુવિ એ,નું પ્રમાણાઈક્રમે—લોઢું, પીતળ, તાંબા વિગેરેના વાસણો, તથા પેટી, પટારા, મેજ, કોચ, પલંગ તથા રાચ રચીલાં વિગેરેની ઘરવખરી રાખવાની મર્યાદાનું ખંડન કરવું તેને કુવિએનું પ્રમાણાઇક્રમે દોષ કહે છે.

ઉપર બતાવેલા પાંચમા વ્રત સબંધી પાંચ અતિચાર દુષણોમાંથી જે કોઇ દોષ લાગ્યો હોય, તથા તે સિવાય બીજે પ્રકારે પાંચમા વ્રતને હાનીકારક દુષણો શેવવાં, તે જેવાં કે સર્વ પદાર્થો ઉપર મમતા રાખીને કૃતાર્થ માનવું, તેમજ ગાડાં, ગાડી, બેલ તથા પોઠ, ઉંટ, ઘોડા, ગધેડા વિગેરે રાખવા, તેમજ વહાણ, સ્ટીમર, મનવાર, ફતેમારી રાખી તેઓની મારફત માલ ભરી દેશાવર ખાતે લાવવું, લઇ જવું, વળી ધનની તૃષ્ણાના આવેશમાં ચક્રવર્તિ વિગેરે

વૈશ્રમણ દેવના જેવાં વૈભવની આશાએ બેહદ આરંભ સમારંભ કરવા, ઇત્યાદિ પરિગ્રહ મેળવવાની કલ્પના કરવાથી પાંચમા વ્રતનું આરાધન કરતાં દીવસ રાત્રી કે બાર માસમાં ખંડન કર્યું હોય, તો અરિહંત સિદ્ધ અને આત્માની શક્તીથી પશ્ચાતાપ કરી મિચ્છામિ દુક્કડં કરૂં છું.

છઠ્ઠા દિશાપરિમાણ વ્રતમાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

પોતાને રહેવાના સ્થળથી સર્વ દિશાઓમાં જવા આવવા. કે ચડવા ઉતરવા, તથા વેપાર રોજગારથી થતા આરંભ સમારંભને માટે મર્યાદા કરેલી છે. તેમ છતાં બેદરકારીથી અથવા અગર જાણીને કરેલી મર્યાદાનું ઉલંઘન કરી, છઠ્ઠા વ્રતમાં પાંચ અતિચાર માંહેલો જે કોઇ દોષ શેવન કર્યો હોય તેનું આળોચણ કરૂં છું.

અધોદિશિનું પમાણાઇકમે–નીચે ભોંયરા વિગેરેમાં ઉતરવાની મર્યાદાનું ખંડન કરવું, તેને અધોદિશીનુ પમાણાઇ કમે દોષ કહે છે.

ઉર્ધ્વ દિશિનું પમાણાઇકમે–ઉંચે પહાડ, પર્વત વિગેરે પર ચડવાની મર્યાદાનું ખંડણ કરવું તેને ઉર્ધ્વ દિશીનું પમાણાઇકમે દોષ કહે છે.

તીર્થં દિશિનું પમાણાઇ કમે–પૂર્વ દિશા વિગેરે

દિશાઓમાં જવાની મર્યાદાનું ખંડન કરવું, તેને તીર્થ દિશી-નું પમાણા કમે દોષ કહે છે.

ખેત વુઢીનું પમાણાઇકમે—નકામી દિશાના ગાઉ પોતાને હરવખત જવા આવવાની દિશામાં ઉમેરી ગમના ગમન કરવા ચિંતવન કરવું, તેને ખેત વુઢીનું પમાણાઇક-મે દોષ કહે છે.

સઇ અંતર ધાએ—મુસાફરી કરવા માટે જેટલી હદ રાખેલી છે, તે હદ મુજબ ચાલતાં શંકા ઉત્પન્ન થઇ, એટલે હદના ગાઉ પૂરા થયા હશે કે નહીં; એમ શંકા ઉ-ત્પન્ન થયા છતાં ચાલવા મનન કરવું, તેને સઈ અંતર ધાએ દોષ કહે છે.

ઉપર બતાવેલા છઠ્ઠા વ્રતના પાંચ અતિચાર દુષણો-માંથી જે કોઇ દોષ લાગ્યો હોય, તથા તે સિવાય બીજે પ્રકારે છઠ્ઠા વ્રતને હાનીકારક દુષણો શેવવા, તે જેવાં કે પોતે સર્વ દિશાઓમાં શાસ્ત્રોક્ત રીવાજે, જવા આવવા માટે જે-ટલા ગાઉની હદ કરેલી છે, તે ઉપરાંત પોતાની જાતે જવાનું ન બની આવવાથી પોતાના મહેતા મુસદી વાણોતર કે કાસીદો મોકલી વણજ વેપાર કરાવવો, એ વિગેરે છઠ્ઠા વ્રતને દીવસ રાત્રી કે બાર માસમાં દુષિત કર્યું હોય તો અ-રિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિ-ચ્છામિ દુક્કડં કહું છું.

સાતમા વ્રતમાં સચેત તથા અચેત પદાર્થોના ભોગોપભોગ લેવાની કરેલી મર્યાદામાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સચેત આહારે—કાચી ચીજને ખાવાની બંધી છતાં મુળા, મોગરી, કાકડી વિગેરે કાચું ખાવું, તેને સચેત આહારે દોષ કહે છે.

સચેત પ્રતિબદ્ધાહારે—સચેત ઝાડ ઉપરથી અચેત ગુંદર વિગેરે ઉખેડી ખાવા, તેને સચેત પ્રતિબદ્ધાહારે દોષ કહે છે

અપોલીઓ સહી ભખણીઆયે—કાચી ચીજોને પકવટ કર્યા સિવાય ખાવી, તેને અપોલીઓ સહી ભખણીઆયે દોષ કહે છે.

દૂપલીઓ સહી ભખણીઆયે—અજાની લોકોની રીતે રીંગણીના ભડથા તથા ઉંધીયા વિગેરે બનાવી ખાવા તેને દૂપલીઓ સહી ભખણીયાયે દોષ કહે છે.

તુચ્છોસહી ભખણીયાએ—શેરડી તથા જારના સાંઠા, સીતાફળ, બોરકુટ, વિગેરે કેટલીક ચીજોમાં ખાવા કરતાં કાઢી નાખવાનું વધારે હોય તેવું, તથા ઓળા પોંક, પેપા, પીલુ, પાન, ઉમરા કુંગરા, ટીંબરૂં વિગેરે બાવીશ જાતના અભક્ષ ખાવા, તેમજ જે લીલોતરીમાં અનંતજીવોની ઉત્પતી હોય છે તેને બત્રીસ અનંતકાય કહે છે, તેનું ભક્ષણ કરવું, તથા અણુગળ જળ પીવું, ઘણા આરંભથી બનાવેલા ભોજનનું વખાણ કરી જમવું, એ વિગેરે છત્રીસ

બોલમાંથી સચેત અચેત કે મિશ્રપદાર્થો જમવા પીવા કે ઓઢવા પેહેરવાની મર્યાદા કરેલી છે, તેમ છતાં કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરી વધારે ચીજોનો ભોગોપભોગ કરવો, તેને તૂચ્છોસઢી ભખણીઆયે દોષ કહે છે.

ઉપર બતાવેલા સાતમા વ્રતમાં પાંચ અતિચાર દૂષણો માંથી જે કોઈ દોષ લાગ્યો હોય, તથા તે સિવાય બીજે પ્રકારે સાતમાં વ્રતને હાનીકારક પંદર જાતના કર્માદન અર્થાત પંદર પ્રકારે પાપની આવકના વેપાર બતાવેલા છે તે જેવાં કે "ઇંગાલકર્મે" ચુનાવિગેરેની ભઠીઓ, તથા નળીઆં, ઈંટો અને વાસણના નિભાડા કરાવવા, કોયલા પડાવવા, કંદોઇ ભાડભુજા, દારૂગરા છીપાના આરંભથી ભરણ પોષણ કરવું તેને ઇંગાલ કર્મ દોષ કહે છે.

વનકર્મે—મોટા રાનના ઝાડો કપાવી લાતીઓ કરાવવી, અગવા પાનફળ ફુલ, ડાળ કંદમૂળ વિગેરે તોડવી. માળી કાછીઆના કસબ કરવા તેમજ ખેતરોમાંથી સુંડ નિંદણ કઢાવી વનસ્પતિના આરંભથી ભરણ પોષણ કરવું, તેને વનકર્મ દોષ કહે છે.

સોડીકર્મે—ગળીના તથા ચમાર કલાલના કુંડ કરાવી સોડ નખાવી ભરણપોષણ કરવું તેને સોડીકર્મ કહે છે.

ભાડીકર્મે—ઉંટ, પોઠ, ઘોડા ગધેડા, ગાડીગાડા વિગેરે જથાબંધ રાખી, ભાડાના કસબથી ભરણપોષણ કરવું, તેને ભાડિકર્મ કહે છે.

ફોડીકર્મે—હળ, કળીયું, દંતાળ, કોશ, કોદાળી

ખરપા વિગેરે પાપોપકર્ણનો સંગ્રહ કરી, કુવા, વાવ, તળાવ, સરોવર વિગેરે ખોદાવી પૃથ્વીનું પેટ ફોડાવવાના વેપારથી ભરણપોષણ કરવું, તેને ફોડીકર્મ કહે છે.

દંતવાણીજ્જે—હાથીદાંત, ગેંડા, કચકડા તથા ગાય ભેંસ, ઊંટ વિગેરેના હાડકાનો વેપાર કરી ભરણપોષણ કરવું, તેને દંતવાણીજ્જે દોષ કહે છે.

કેશવાણીજ્જે—વાળંદ, ખાટકીના કસબ કરવા, તથા ચામરી ગાયના કેશ, અને ઉન તથા વાળનો વેપાર કરી ભરણપોષણ કરવું, તેને કેશવાણીજ્જે દોષ કહે છે.

લખવાણીજ્જે—લાખ, નખલા, સોરંગી કરગજ બાદીઆણુ તથા મીણ, મઝીઠ, માખણ, અને ધાવડી વિગેરેનો વેપાર કરી ભરણપોષણ કરવું તેને લખવાણીજ્જે દોષ કહે છે.

વિશવાણીજ્જે—સોમલ, શીંગડીઓ, ઝેરકોચલા, અફીણ વિગેરેનો વેપાર, તથા સાજી, સાબુ, સંચળ, નિંબળ, સુરોખાર વિગેરે લુણ બનાવવા, તેમજ તિર, તરવાર, તંબુર, ખંજર, છરી, કાતર, કટાર, બંદુક અને પિસ્તોલ વિગેરે પ્રાણીના પ્રાણ ઘાતક પદાર્થોનો વેપાર કરી ભરણપોષણ કરવું, તેને વિશવાણીજ્જે દોષ કહે છે.

રસવાણીજ્જે—કનિષ્ઠરસ જેવાં કે દારૂ, મધ, માખણ, ચરબી, શેગાન વિગેરેનો તથા ઉત્તમરસ જેવાં કે તેલ, ઘૃત, એરંડીયું તથા ગોળ, ખાંડ, સાકર, દુધ, દહીં, વિગેરેનો વેપાર કરી ભરણપોષણ કરવું તેને રસવાણીજ્જે દોષ કહેછે.

જંત્રપીલણકર્મ—શેરડીના વાઢ પીલાવવા, ચરખે તથા જીનમાં કપાસ લોઢાવવા, તથા ઘાણી, ઘંટી, ખારણીયાં વિગેરે પાપકારી વસ્તુઓનો સંગ્રહ કરી વેપાર કરવો તેને જંત્રપીલણકર્મ કહે છે.

નિલંછનકર્મ—ગળીકહુના વેપારથી, તથા બકરા વિગેરે જાનવરોને ગળે લટકતા [1]ગળીકામણ કાપવા, તેમજ ઉંટ, બળદ અને [2]મહિષ વિગેરે પ્રાણીઓના કાન નાક વીંધી નાથ નખાવવી તથા કોઈપણ પ્રાણીના શરીરના અવયવો કપાવી ખોજા, ખુસરા કરવાના કસબથી ભરણપોષણ કરવું, તેને નિલંછન કર્મ કહે છે.

દવગ્ગદાવણીઆ—મોટા રાન, જંગલ, ડુંગર, તથા ખડ, બીડ, ગંજી, ઓઘા, ઘાંસી, ભરોટા તેમજ મનુષ્ય, પશુ, પક્ષીઓથી ભરપુર ગામ નગર પોતે બાળવા અથવા બળાવવા, તેને દવગ્ગદાવણીઆ કર્મ કહે છે.

સરદહતળાગપરિસોસણીઆ—પાણીથી ભરેલા, સરોવર[3], ધરા, તળાવ[4], વિગેરે જળાશ્રય ઉલેચી ભરણપોષણ કરવું, તથા તેવાજ જળાશ્રયમાં ખાર, ઝેર નખાવવાં, તેને સરદહતળાગપરિસોસણીઆ કર્મ કહે છે.

અસંજઇ પોષણીઆ—ધર્મના નિયમોથી વિમુખ અને પુશ્યુ પાપથી પુષ્ટ થએલા પ્રાણીઓ જેવાં કે કુતરા,

---

૧ બકરા વિગેરે કેટલાએક જાનવરોને ગળે આંચળ જેવું લટકે છે તે. ૨ પાડા. ૩ પાળ બાંધ્યા વિગરનું. ૪ ચુના પથરથી બાંધેલ પાળવાળો.

બીલડાં, નાર, ચીતરા સિંહ, શિયાળ, રિંછ, દીપડા સકરા અને સમળી વિગેરે હિંસક જાનવરોનાં પોષણ કરી વેચવા, તથા નાની ઉમરની છોકરીઓ તથા નપુંસક અને નાયકાઓને ખોરાકી પોશાકી આપી, પોતાને તાબે કર્યા પછી તેઓની પાસે દુરાચાર કરાવી, તેની આવકનો હિસ્સો લેવો, તેને અસંજઈપોષણીઆ કર્મ કહે છે.

એ ઉપર બતાવેલા કર્મની આવકના પંદર કારણોમાંથી દીવસ રાત્રી કે બારમાસમાં કોઇ કર્મનું શેવન કરી સાતમા વ્રતને દુષિત કર્યું હોય, તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છા મિદુક્કડ કહું છું.

આઠમા વૃતમાં અનર્થ કર્મ કરવાથી લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સ્વાર્થ દંડ એટલે પોતાના સ્વાર્થને માટે કર્મરૂપી દંડ ઉપાર્જન કરવો, તે જેમ કે હમેશાં પારકા વાંક દેખીને તેઓની નિંદા કરવી, તથા પારકું ધન લેવાની કલ્પના કરવી, તેમજ પારકા સ્ત્રી પુરૂષોને સ્વરૂપવાન દેખી તેમની સાથે રંગ વિલાસ કરવાની કલ્પના કરવી, પોતાને માથે અચાનક દુઃખનું કારણ ઉત્પન્ન થવાથી ખેદ દીલગીરી સાથે કલેશમાં વખત ગુજારવો, અને બીજાઓના દુઃખમાં સંતોષ માનવો, વળી એકનો જય અને બીજાનો પરાજય થાઓ એવી કલ્પના કરવી, એકના જીવતરનો આશિર્વાદ

અને બીજાનું મોત ઇચ્છવું, પોતાને શીર આવેલો આળ-સામાને માથે આરોપ કરી સંતોષ માનવો, એ વિગેરે અનેક કૃત્યોમાં મચી રહેવું તેને સ્વાર્થ દંડ કહે છે.

અનાર્થ દંડ—પોતાની મતલબ વિના નાહક પારકા કામમાં પ્રવર્તી ચલાવી ડહાપણ ડોળી કર્મ બાંધવાની ટેવ રાખવી, ને જેમકે અવિવેકી માણસોને ખેતર ખેડી વાવવાનો ઉપદેશ કરવો. કુવા, વાવ, નવાણ, સરોવર તળાવ વિગેરે જળાશ્રય ખોદાવવા તથા બંધાવવાનો ઉપદેશ કરવો, ઘોડા, ગધેડા, ગાય, ભેંસો વિગેરે જનાવરોનો, તથા અનાજ, કાપડ, ધાતુ, ઘી, તેલ, ગોળ, વિગેરે માલ સંગ્રહ કરવાનો ઉપદેશ આપવો, ઘર, હાટ, મેડી, મેહલાત વિગેરે બાંધ કામની બાબતમાં ઉશ્કેરણી આપવી, તેમજ વરકન્યાના લગ્ન કરવાનો ઉપદેશ કરવો, વળી દાવાનળ સળગાવવાના, સુડનિંદણ કઢાવવાના, ચુના વિગેરેની ભઠીઓ પકાવવાના, વન, બાગ, રાન કપાવવાના, તથા પાપોપકરણ મેળવવાના ઉપદેશ કરવા વિગેરે વિગેરે પોતાની મતલબ વિના વિકર્મનો સંચય કરવાની ટેવ, વળી તેલ, ઘી, એરંડીયું, તથા ગળી, માખણ, દુધ વિગેરે, પ્રવાહી પદાર્થના વાસણો એ ઠામથી તથા આળસને તાબે થઇ ઉઘાડા મુકવાને લીધે તેમાં અડીને પડીમરનારા જીવોથી પાપ ઉત્પન્ન કરવું, તેમ ચુલા, પાણીયારા, ભોજન કરવાની, તથા સુવાની વિગેરે જરૂરની જગામાં ચંદરવા ન બાંધવાથી કર્મ ઉપાર્જન કરવું. એઠવાડી તથા ભગલીની વિગેરે જે ચીજોમાં જીવ પડી મરે અથવા નવા

જીવોની ઉત્પતી થાય તેઓના વાસણ બેઆનીબની ભરી રાખવાથી, તથા ગતક્રમ વિના ફુલ, ફળ, કે જુવારા વિગેરે વનસ્પતિ તોડવી, કચરવી, કે ઉખેળી નાંખવી, તથા પશુ પક્ષી કે બીજા જાનવરોને તેના બચ્ચાઓને, રમતની ખાતર ઉચકવા, બાંધવા, પછાડવા કે ગારવા, પક્ષીઓના ઇંડા ફોડવા, તથા કીડી વિગેરેના દર કચરવા કે પુરી નાખવા, તેમજ મધના પુડા પાડવા, ઝાડે હિંચકા બાંધવા, તળાવ વિગેરેની પાળ ફોડવી, એ વિગેરે અનેક કુકર્મ કરી પાપ ઉપાર્જન કરવું, અને તે સિવાય અનર્થ દંડ એટલે સ્રીઆદિચાર વિકથા કરવાની ટેવ તથા હાસ્ય મશ્કરી ઠઠાબાજી કરી અપશબ્દો બોલવા, શૃંગાર અને કામ વિકારમાં વૃદ્ધિ થવા જેવા કુશાસ્રો, તથા નઠારી બુદ્ધિથી કુમાર્ગે ચડી જવાય તેવી વારતાઓ કરવાથી અને સાંભળવાથી, તેમજ ભાંડ ભવૈયા અને વિદુષકના જેવી ટેવ રાખી લોક હસાવવા, તથા ભુત પ્રેત પિચાશ ડાકણ શાકણ વૈતાળ અને રાક્ષસી મંત્ર જંત્ર કામણ દુમણ મારણમોહન અને વશીકરણ વિગેરે વિદ્યાઓનું સાધન કરવાથી, તેમજ જોતીશ નિમિત સામુદ્રિક અને શુકનશાસ્રોના આધારે જોષ જોઇ આપવા, તથા પર ઘાતકીપણું કરવું, અને વહાલા મિત્રોના ચાલતા સ્નેહમાં પરસ્પર વિરૂદ્ધ બોલી વિત્રોડ પડાવવા, અને દુશ્મનોની સાથે મુકાબલો કરાવવો. એ ઉપરની સર્વે બાબતોને અનર્થ દંડ ઉપાર્જન કર્મ કહે છે વળિ "**હિંસાનુબંધી રૂદ્રધ્યાન**" કોઇપણ

પ્રાણીને મરતાં અથવા મારતાં દેખી હર્ષિત થવું, તથા શત્રુનો નાશ કરવો, અને ગુનેગારોને સખત શિક્ષા કરી દે શપાર કરવાની જીજ્ઞાસાએ મોટા અમલદાર થવાની કલ્પના કરવી તેને હિસ્સાનુબંધી રુદ્રધ્યાન દોષ કહે છે.

મૃષાનુબંધી રુદ્રધ્યાન—ઊતમ અને ધર્મોપદેશ કરવાના શાસ્ત્રો વાંચી અથવા ગ્રહણ કરી તે ઉપરથી ધર્મનો પ્રસાર કરવાને બદલે આરંભ પરિગ્રહની વૃદ્ધિ કરવાના પાપોપદેશ કરવા, તેમજ મદાંધ બની કોઇ પણ સ્ત્રી પુરૂષોના ખોડીલા અંગોપાંગ એટલે કાણાં, કુબડાં, લૂલાં, પાંગળાં, અંધાં, બેહેરાં, મુંગાં તથા રોગીષ્ટ શરીરવાળા દેખી તેઓની હાંસી મશ્કરી કરવાના શબ્દો બોલી દુઃખ ઉત્પન્ન કરવું તેને મૃષાનુબંધી રુદ્રધ્યાન કહે છે.

અનુતાનબંધી રુદ્રધ્યાન—આયુષ્યના છેડા સુધી પહોંચે તેવા પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભ કરવા, અને તે કૃત્યથી પોતાના સમકિત ધર્મને હાની પહોંચાડવી, તેને અનુતાનબંધી રુદ્રધ્યાન કહે છે.

ઉપર બતાવેલાં સ્વાર્થ તથા અનર્થ દંડના સ્વભાવથી દીવસ રાત્રી કે બારમાસમાં પાંચ અતિચાર માંહેલા દોષનું શેવન કરી આઠમા વ્રતને દુષિત કર્યું હોય તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છામીદુક્કડં કહું છું.

નવમા દશમા તથા અગીયારમા વૃતમાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સામાયકવ્રત લઇને તથા દશમું વૃત આદરીને, તેમજ પોષહ વૃતના પચખાણ કરીને દરેક વૃતની યથા યોગ્ય વિધિ મુજબ ક્રિયા કરી સાવદ્ય પાપની બંધી કરેલી હોય છે, તેમ છતાં એ ફોમથી અગર જાણીને કરેલી મર્યાદાનું ઉલંઘન કરી નવમા દશમા અને અગીયારમા એ ત્રણ વ્રતમાંના પાંચ પાંચ અતિચારો માંહેલા જે કોઇ દૂષણો સેવન કર્યા હોય તેનું આળોયણ કરૂં છું.

ઉપરની રીતે ગ્રહણ કરેલા વૃતો પાળવાના પ્રસંગમાં આળસને તાબે થઇ ભીંત તથા થાંભલાનો આધાર લઇ નિદ્રા લેવી, તથા પારકી નિંદા, ઇર્ષા અને કુથલી કરવાથી ઉત્તમવ્રતને ખામી લગાડવી, તેમજ અહોરાત્રીના વૃત આદરવાને દીવસે સૂર્યોદયના વખતથી સંસાર સબંધી કર્મ કાર્ય આરંભ સમારંભ કરવામાં ઘણો વખત ગુમાવી કવેળાએ આવી વૃત ગ્રહણ કરવા, વળી વૃતની હદ પુરણ થયા અગાઉ સંસારીક કામને લીધે અધુરા વૃત છોડીને ચાલ્યા જવું, ચાર જાતના આહારની તથા ક્રિયાના પાળવાની વૃતના હરજાના પ્રમાણે બંધી કરેલી હોય તેમ છતાં તેથી વિરૂધ કલ્પના કરવી, તથા ઉપવાસ આંબેલ, નિવિગઇ એકાશણા વિગેરે દશપચખાણથી ધર્યા મુજબ પચખાણ કર્યા પછી અચાનક શરીર સંબંધી અસહ્ય દુઃ-

ખ આવી પડવાથી તથા પચખાણ કર્યા પછી જમવાનું નોતરૂં આવવાથી વિરૂધ કલ્પના કરવી કે આવા વિકટ વ્રત પાળવામાં બે હદ તસ્દી પડે છે પરંતુ કરેલા કર્મનું ફળ ગળવું ન ગળવું તે તકદીરને આધીન છે પરંતુ આજનું નોતરૂ ફોગટ ગયું જો વેળાસર ખબર હોત તો વાંચ્છિત ભોજન કરવાનો લાભ મળત એવું ચિંતવન કરવું. તેમજ સ્વાદિષ્ટ અને મિષ્ટાન ભોજન લેવા તથા ખાવાની લાલચ કરી વ્રત કરવાની ધર્મ શાસ્ત્રમાં મના કરેલી છે. તેમ છતાં એવી કલ્પના કરી વ્રત ગ્રહણ કરવું. વળી ઉપરના વ્રતોની ક્રિયા વિધિમાં બતાવેલું છે કે જ્યાં સુધી લીધેલા વ્રતની સમાપ્તિ થઇ નથી ત્યાં સુધી સૂત્ર સિધાંતોની સજાય કરવી, ધ્યાન ધરવું, કાઉત્સર્ગ કરવો, ઉત્તમ શાસ્ત્ર વાંચવા, ભણવા, કે સાંભળવા, તથા પ્રશ્નોત્તર પૂછવા કે ધારવા, ગુણીજનોના ગુણ ગાવા અને પોતાના દુર્ગુણની નિંદા કરવામાં દિવસ રાત્રીનો વખત ગુજારી વ્રતને આબાદી રાખવા ફરમાવ્યું છે, તેમ છતાં અજ્ઞાનદશાને આધીન થઇ, ખાવા પીવા પહેરવા ઓઢવાની તથા દેશપ્રદેશના સારા નરસા સ્ત્રી પુરૂષોની કુથલી કરીને કર્મ ઉપાર્જન કરવુ તેમજ પારકી ચાડી ચુગલી હાંસી મશ્કરી ઠઠા બાજીથી લડાલડી કરવામાં વખત ગુમાવી, દીવસ રાત્રી કે બારમાસમાં કહેલા વ્રતોને દુષિત કર્યા હોય તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છામિ દુક્કડં કહું છું,

બારમા વ્રતમાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

અતિથિવ્રત—અમૂક તીથીએ અમુક ગૃહસ્થને ઘરે ભિક્ષા લેવી એવું જેને મુકરર નહીં, એવા મુની મહારાજને અતિથી કહેવાય છે, એવા સાધુને, પોતાને જમવા માટે નીપજાવેલા ભોજન પાનમાંથી પોતાની સધા મુજબ કલ્પતા ભોજન વહોરાવી સંતુષ્ટ કરવા તથા તેમની સંજમ યાત્રામાં વૃદ્ધિ થવા મનસા બતાવવી એવી સર્ધાથી બારમુ વ્રત ગ્રહણ કરેલું છે, તેમ છતાં જાણીને અથવા અજાણથી કરેલી મર્યાદાનું ઉલ્લઘન કરી બારમા વ્રતને હાનીકારક દુષણો સેવ્યાં હોય તેનુ આલોયણ કરું છું.

પોતાને અણગમતો અને અપ્રિતિકારક નાખી દેવા યોગ્ય તથા અનાથ અને ગરીબ પ્રાણીઓને દેવા લાયક ભોજનપાન ગેર ઉપયોગનું ગણી વહોરાવવાથી, વળી "આધાકર્મી" એટલે પોતે સરાગના ભાવ લાવી ખાસ તેઓના નિમિતના ભોજનપાન બનાવી વહોરાવવું તેમજ સાધુજીને ભિક્ષા લેવા આવતા જાણી દેખી મોઢું મરડી અનાદાર કરવો તથા પોતાના ઘરમાં આહાર વિગેરે પદાર્થોનો જોગ હોવાં છતાં, તે પદાર્થો ઉપર પોતાને ઘણી મમતા હોવાને લીધે સાધસાધ્વીને નહીં વહોરાવવાની ઇચ્છાથી જાણીને અસુજતા થવું, એટલે સાધુજીને નહી ખપે તેવી ચીજને અડકવું, પોતાના મકાનપર આવી સા-

ધુજીએ સાધુ ધર્મની રીત પ્રમાણે સુજતા અસુજતાની પૂછા કરી, તે વખતે પોતે ભીક્ષા આપવા અયોગ છે તેમ છતાં પોતે બેભાનથી તથા જાણીને કહે જે સુજતો છઉં, એમ એ સત્ય બોલી ભોજનપાન વહેરાવવું. પોતાને જમવાને વખતે સાધુ સાધ્વીને ભોજનપાન વહોરાવવાની ભાવના ભાવવી એમ કહેલું છે તેમ છતાં ભાવના ન ભાવી, પોતે સુજતો બેઠેલો હોવા છતાં ભોજન પાન વહોરાવવા બીજાને હુકમ કરવો. તથા લોકમાં યશ વધારવા તેમજ માનની ખાતર ભીક્ષા આપવી. આહાર પાણી વહોરાવી અહંકાર કરી એવી કલ્પના કરે કે મારા ઘર સિવાય સારા અને રસથી ભરપુર ભોજન પાનની જોગવાઇ બીજા ગૃહસ્થને ઘરેથી મળવી મુસ્કેલ છે. વળી જેવી રીતે સાધુ સાધ્વીને ભોજનપાન વહોરાવી ઉદારતા રાખું છું, તેવી ઉદારતા બીજો કોણ રાખી શકે? વળી સાધુ સાધ્વીને ભોજનપાન વસ્ત્ર પાત્ર વિગેરે વહોરાવી તેમના ગયા બાદ બીજા જનને કહી બતાવે જે આજ અમોએ સાધુજીને આટલા પદાર્થ વહોરાવી કૃતાર્થ થયા છીએ. એમ કીર્તિ વધવા માટે ખુશ બતાવવી. વળી સરખા આચાર વિચાર અને ધર્મ ક્રિયાવાળા પવિત્ર સાધુ સાધ્વી ઉપર રાગ દ્વેષની પરિણતી લાવી ન્યુનાધિક ગણી ભીક્ષા આપવામાં ખાટી કલ્પના કરવી, એ વિગેરે સાધુ સાધ્વીનો યોગ મળવાના વખતમાં ભોજનપાન આપતાં દુષ્ટ બુદ્ધિ કરિને બારમા વ્રતને દુષિત કર્યું હોય તો અરિહંત સિદ્ધ અને આત્માની સાક્ષીથી પશ્ચાતાપ કરી મિ

મિચ્છામિ દુક્કડં કરૂં છું.

સંલેખણા તથા અણુસણ તપમાં લાગેલા દોષનું નિવારણ કરવા વિષે.

સંલેખણા એટલે માયા કપટ મિથ્યાત્વ અને કરેલા ધર્મ ધ્યાનના ફળની ઇચ્છા કરવા રૂપ "નિયાણું" એ ત્રણ સલ્યનું નિવારણ કરવા સાથે "અણસણ" અર્થાત ચાર આહારનું નિયમ કરી "સંથારો" એટલે અંત સમયનો સાથગો કરવાની ક્રિયા વિધિ; પ્રસંગ મળે કરવા બતાવેલ છે. તે ક્રિયાવિધિનો લાભ લેવાના પ્રસંગમાં પાચ અતિચાર મહેલું કોઇ દૂષણ સેવ્યું હોય તેનું આળોયણ કરૂં છું

ઇહલોગસંસપઉગે—પોતાનો મનુષ્ય જાતીમાં જન્મ પ્રાપ્ત કરવા સાથે ચક્રવૃતિ વિગેરે રાજ્યપદવી લેવાની ઇચ્છા કરવી, તેને દોષ કહે છે.

પરલોગેસંસપઉગે—સ્વર્ગવાસી ઈંદ્ર વિગેરે મહાર્દ્ધિક દેવતાનું પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવી. તેને દોષ કહેછે.

જીવિયાસંસપઉગે—આ જન્મમાં વાંચ્છિતાર્થ સુખની પ્રાપ્તિ થએલી છે તેને લીધે વધારે જીવવાની આશા કરવી, તેને દોષ કહે છે.

મરણાસંસપઉગે—મળેલાં જન્મમાં વાંચ્છિતાર્થ પુરૂં નહીં થવાથી, તથા પૂર્વ કર્મને લીધે અતિશય બેદકારક દુઃખને આધિન થવાથી, મૃત્યુને સરણ થવાની કલ્પના કરવી.

ઉપર બતાવેલા સલેખણા તપ સબંધી પાંચ અતિચાર દુષણોમાંથી જે કોઇ દોષ શેવન કર્યો હોય, તથા તે સિવાય બીજે પ્રકારે સલેખણા તપને હાનીકારક અઢાર પાપ સ્થાનકો શેવ્યા હોય તે જેવાં કે—

પ્રાણાતિપાત—કોઇ પણ પ્રાણીની હિંસા કરવી.

મૃષાવાદ—કોઇ પણ પ્રકારે જુઠું બોલવું.

અદત્તા દાન—હુકમ સિવાય ચોરીને વસ્તુ લેવી.

મૈથુન—પરકા સ્ત્રી પુરૂષ સાથે સંસાર સબંધી વિષયિક વ્યાર લેવો.

પરિગ્રહ—વાંચ્છિતર્થ પદાર્થ પર ગમતા રાખી અહણ કરવા ક્રોધ માન માયા લેભને આધિન થવું.

રાગ—કળત્ર પુત્ર ધન વિગેરે વહાલા પદાર્થો ઉપર સ્નેહ કરવો.

દ્વેષ—અણગમતા પદાર્થો ઉપર અગ્નિનો સ્વભાવ રાખવો

કલેશ—એક બીજા સાથે દુઃખ દાયક કૃત્ય કરી, સંતાપ ઉત્પન્ન કરવો.

અભ્યાખ્યાન—પોતાની ગતલબ નહીં સરતાં સામાને માથે ખોટું કલંક ચઢાવવું.

પૈસુન—એક બીજાની વાતનો સાર લઇ એક બીજાના પ્રતિપક્ષને મળીને ચાડી કરી લડાવી મારવા.

પર પરિવાદ—એક બીજાનું વિરૂદ્ધ બોલી ખેદ ઉપજાવવો.

રતિ અરતિ—જ્ઞાન ધર્મને હાનીકારક કાર્યોમાં પ્રિતિ ધારણ કરવી. જ્ઞાન ધર્મની પુષ્ટિના કૃત્યોમાં અપ્રિતિ કરી દીલગીર રહેવું.

માયામોસો—કપટ કરીને અસત્ય બોલવું.

મિથ્યાદર્શનસલ્ય—કુગુરૂ કુદેવ અને કુધર્મ એ ત્રણનું ડાકડમાલ તથા ધામધુમ જોઇને મોહીત થઇ, તેની પ્રતિત કરવી. અને સત્ય દેવગુરૂ અને ધર્મ ઉપર નિરાસ્તિકપણું રાખવું.

ઉપર બતાવેલા અઢાર પાપના સ્થાનકો મેં પોતે સેવ્યા અગર પરને સેવન કરાવીને અનુમોદન કરવાથી સલેખણા તપને દુષિત કર્યું હોય, તથા પાંચ ઇંદ્રિયોના વિષયમાં મહાન્મત્ત બનીને અગર ચાર કસાયને આશ્રિત થઇ રગ દ્વેષની પરિણતી કરી, પાપના કૃત્યમાં ગચીને દુષ્ટ કર્મનો સંચય કરવાથી સલેખણા તપમાં મુલ ગુણ અને ઉત્તર ગુણની દીવસ રાત્રી કે બાર માસમાં વિરાધના કરી હોય તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ કરી મિચ્છામિ દુક્કડં કહું છું.

ઉપર બતાવેલા જૈનધર્મના મહા વાક્ય જે કે જ્ઞાન દર્શન ચારિત્ર અને તપ એ ચાર મને કર્મ બંધનથી મુક્ત કરનાર છે, તેને મારા આત્મહિતને માટે ધર્મગુરૂની કૃપાથી આદર પુર્વક સ્વિકારેલા છે. તેને વિશે અત્યારના વખત સુધીમાં જાણીને કે મારી ભુલથી જે જે દોષ લાગેલા હતા તે સર્વને યાદ કરીને અરિહંત સિદ્ધ અને આત્માની

શાક્ષીથી પશ્ચાતાપ કરી માફી માગી પવિત્ર થઉ છુ.

પરમાર્થી પુરૂષોનો ઉપકાર માનવા વિષે.

જે ગુરૂના પ્રતાપથી મારામાં સમકિત પૂર્વક જ્ઞાન ધર્મની સર્ધાનો ગુણ પ્રગટ થયો, અને તેથીજ સર્ધાથી મારા શુભ ઉદય પ્રમાણે વ્રત પચખાણ કરી મારા અમુલ્ય આત્માને હિત કર્યું, તેમજ જે વ્રત નિયમોની મર્યાદા કરી છે, તેને વિશે અશુદ્ધ ઉપયોગથી અતિચારાદિક દુષણોની રજકણોના સમુહથી મલીનતા થઇ હોય તેઓનું ખરા અંતઃકરણથી આલોયણ કરી પશ્ચાતાપ પૂર્વક ક્ષમા માગી પવિત્ર થયો, તેથી એ ઉત્તરોત્તર સદ્ગુણોના માંગલીક કૃત્યથી અતિશય સંતોષ માનું છું વળીજે જ્ઞાન ધર્મના કૃત્યોથી મારામાં પવિત્રતા થએલી માનું છું, તે ગુણોત્પતીના કારણ રૂપ શ્રી રૂષભાદિક ચોવીશ તિર્થંકરો થયા છે, અને તે તિર્થંકરોના આગેવાની પણાથી પંચમ કાળના ચરિમાંત સમય સુધી જૈનધર્મ પ્રવર્તન થશે, એમ શાસ્ત્રાધારે ગુરૂ મુખે શ્રવણ કરેલું છે. માટે મારી સ્મરણ શક્તિ મુજબ કલ્યાણિક સુકૃત્ય કરી મેળવેલા લાભના પ્રસંગને લીધે અતિશય હર્ષિત થવાથી, ચોવીશ તીર્થંકરોનો બેહદ ઉપકાર માની ત્રણકરણ શુદ્ધ વિધિ પુર્વક નમસ્કાર કરૂં છું. સબબ કે મારા વિશે જ્ઞાન દર્શન, અને ચારિત્રના ગુણ પ્રાપ્ત થવાના કારણીકભૂત ચોવીશ તીર્થંકરો છે. કેમકે તેઓએ જે ધર્મ કૃત્યના આધારથી સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે, તેજ ધર્મ માર્ગને હું અં-

તઃકરણ પૂર્વક સત્ય સરધું છું, માટે તે જીન પ્રણિત ધર્મ સિવાય બીજાને કોઇ પણ પરમાર્થ મારી શ્રદ્ધામાં એક નથી. સબબ કે તે ધર્મ પ્રતિ પૂરણ કર્મ બંધનથી મુકત થવા પવિત્ર ન્યાય આપનાર છે, તેથી તે ધર્મની શુદ્ધતા તથા પવિત્રતા માટે મને કાંઇપણ સંશય નથી. વળી આત્માની સાથે જોડાએલા માયા, કપટ, નિદાન અને મિથ્યાત્વ એ ત્રણ શલ્યને નિર્મળ કરી પવિત્ર કરનારછે તેમજ સિદ્ધપદની પ્રાપ્તી કરવા ઉત્સાહ રાખનારને મોક્ષ માર્ગ બતાવનારાછે, વળી કર્મનું નિવારણ કરનાર અને કર્મરૂપ દાવાનળને ઠારનાર, "યતાતથ", એટલે સશયનું વિધ્વંસન કરનાર, જન્મ જરા અને મરણ વિગેરે શારીરને માનસિક દુઃખરૂપ સમુદ્રથી તારીને પાર કરનાર છે માટે તેવા જૈનધર્મ પ્રત્યે હું અંતઃકરણ પુર્વક સરધું છું, તેની પ્રતિત આણીને રૂચવનું કરૂં છું. વળી અતિશય આદર સન્માન પૂર્વક પાળું છું, તેમજ વિશેષે પાળીશ. તથા તે ધર્મને વધારે લાભ મેળવવા પ્રેમ ભક્તિમાં પ્રવેશ કરી આરાધન કરવા માટે ઉત્સુક ભાવથી ઉદ્યોગ કરૂં છું, તેમ છતાં છદ્મસ્તપણાની વક્રતાને લીધે અજાણપણે દીવસ રાત્રી કે બાર માસમાં ઉપર બતાવેલા ધર્મને હાનીકારક કૃત્ય કર્યું હોય તો અરિહંત સિદ્ધ અને આત્માની શાક્ષીથી પશ્ચાતાપ પુર્વક ક્ષમા માગું છું.

ઉપર મુજબ ધર્માધ્યક્ષ ચોવીશ તીર્થંકરોના મુખથી ધર્મ બોધનું શ્રવણ કરી તે મુજબ વર્તવા ઉત્સુક રહેનાર પવિત્ર મુનિ વર્ગ જે કે અઢી દ્વીપની આર્ય ભૂમિમાં કુ-

ઢીને જીન પ્રણિત ધર્મની રખની મુજબ. રજો[1]હરણો, પાથ[2]કેશરીઆ તથા પાત્ર વિગેરે ધર્મો[3]પકરણનું ગ્રહણ કરીને અનંત સુખની પ્રાપ્તિને માટે પાંચ મહાવ્રત તથા સુમતિ ગુપ્તી વિગેરે શ્રમણ ધર્મને અનુસરીને અનેક સદગુણોથી ભરપૂર છે. તે સર્વ મુની વર્ગને ત્રીકર્ણ શુદ્ધ વંદન કરી મારા દુષ્ટ કૃત્યોની ક્ષમા માગું છું.

તિર્થંકરો તથા સર્વ મુનિ વર્ગને નમન કરીને ક્ષમા માગ્યા બાદ મારાથી વડીલને ઉત્તરોત્તર સદ્દગુણ સંયુકત શ્રાવક શ્રાવિકાઓ જેઓ નવ તત્વ વિગેરે શાસ્ત્રોના જાણનાર, સમકિત પૂર્વક ગ્નાનવડે પોતાની શકિત મુજબ સમાયકપોસહ નોકારસી વીગેરે તપ કરનાર, તથા બે બખત પ્રતિક્રમણ કરી ધર્માભ્યાસથી પવિત્ર થનાર, તેમજ મારા કરતા દાન, શિયલ, તપ, ભાવ, દયા, ક્ષમા, સંતોષ અને ધૈર્યાદિક ઉત્તરોત્તર સદ્દગુણોથી ભરપૂર અને જીન આગ્ના મુજબ વર્તતા શ્રાવક વર્ગમાં આગેવાન થઇ બાહાર પડેલા છે. વળી તેઓ દૂખી દુર્બળ અને ગરીબ પ્રાણીઓપર હમેશાં કૃપા દૃષ્ટિ કરી અમીની દ્રષ્ટીએ જોનાર, પરધનને પાષાણ તુલ્ય સમજીને પરસ્ત્રીની સાથે પીતા પુત્ર અને બંધવનું સબંધ ધરાવનાર, દેવગુરૂ ધર્મના પરમભકત તથા ન્યાયની રીતે વર્તી સર્વને ઉપકાર કરી વર્તે છે. તેવા મારા માયાળુ શ્રાવક શ્રાવીકાઓને વંદન કરી અર્જ કરૂં

૧ જમીનપરના જીવો પૂંજવાનો ઉપકરણ—૨ નાનો ઓચ્છો ૩ ધર્મ ક્રિયા કરતાં ઉપયોગમાં આવે તેવા પદાર્થો.

છું કે મારાથી દીવસ રાત્રી કે બાર માસમાં મારી જડ બુદ્ધિને અજ્ઞાનતાને લીધે તમારી અવજ્ઞા આશાતના અભક્તિ અને અપરાધ કર્યો હોય તો વારંવાર નમ્રતા પૂર્વક ક્ષમા માગું છું.

ઉપર બતાવેલી હકીકત મુજબ પવિત્ર સાધુ તથા સાધ્વી અને શ્રાવક શ્રવિકાઓ તેમજ સમકિતને વ્રત ધરનાર જે કોઈ ઉત્તમ, પ્રાણી હોય તેઓની પાસે, તથા મારા ધર્મ જ્ઞાનના ઉપકારી ગુરૂના ગુણનું સ્તવન કરી તેઓના પાસે, મારાથી બનેલા અપરાધની ક્ષમા માગી છે માટે મને ગરીબ રંક તથા ચરણ તળની રજતુલ્ય સેવક ગણી ક્ષમા અર્પણ કરવા કૃપાવંત થશો.

વળી વિશેષે કરીને પવિત્ર થવા માટે ચોરાશી લાખ જીવા યોનીમાં ઉત્પન્ન થએલા સમસ્ત જીવોને હાલતાં ચાલતાં બેસતાં ઉઠતાં અથવા સંસારીક કર્મ કાર્ય કરતાં કરાવતાં તેઓના દ્રવ્ય પ્રાણ તથા ભાવપ્રાણનું નુકશાન કરાવવા નિર્દયબુદ્ધિ કરી હણ્યા કે હણતાને ભલું માન્યું હોય, તેમજ તેવા પ્રાણીઓને પરિતાપ બતાવી કિલામણા કરી હોય, તો તે સર્વની પાસે મારૂં માન મુકી બે હાથ જોડી મારી ગરીબાઇ બતાવી ક્ષમા માગું છું. સબબ કે જ્યારથી ગુરૂની કૃપાદૃષ્ટિવડે ભાગ્યોદય પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત થયું, ત્યારથી સર્વ જીવોને મારા હેતુ અને મિત્ર ગણીને સમભાવિપણું વર્તવા ઇચ્છા રાખી છે. તોપણ મારી બે ફામીને લીધે તમારી સાથે પૂર્વકર્મના જોગથી વેર બાંધવું હોય ક-

યું હોય તે સર્વને સ્મૃતિમાં આણીને ખરા અંતઃકરણથી ક્ષમા માગી પવિત્ર થવા ઇચ્છા રાખું છું માટે મારા પ્રત્યે રહેમની દૃષ્ટિ કરી ક્ષમા કરશો.

ઉપર બતાવેલ ક્રિયા વિધિ મુજબ આળોયણ, નિંદણ ગ્રહણા કરી પવિત્ર થવા વિષે ઉત્કંઠા રાખનારા ભાવિક જનોએ આળોયણ કરવાની શરૂઆતમાં ગુરૂના ગુણનુ સ્તવન કરવું. તેમજ આળોયણની સમાપ્તિ થવાના વખતે પણ ગુરૂગુણનું સ્તવન કરવું. સબબ કે પ્રથમ કરેલી ગુરૂસ્તવના ધર્મજ્ઞાન પ્રાપ્ત થવાના કારણી*ભુતસમજી ઉપકારી તરીકે ગણી કરવી. અને સમાપ્તિને વખતે લાગેલા કર્મોનું નિવારણ કરી પવિત્ર થવાના હર્ષને લીધે ગુરૂને માન આપવાની ખાતર સ્વન કરવું.

હર્ષના આવેશમાં ગુરૂ સ્તવન કરવા વિષે.

કૃપાળુ ગુરૂ ! આપ મારા ધર્માચાર્ય બની મને ધર્મોપદેશ કર્યો તેમજ મારા પ્રત્યે મોટો ઉપકાર કરી નર[૧]પશુની પંક્તિમાંથી મારો ઉદ્ધાર કરી ધર્મિ મનુષ્યના વર્ગમાં મેળવી ઊંચે દરજ્જે ચડાવ્યો. માટે તમારો ઉપકાર કદી ભુલનાર નથી. સબબ કે પરાપૂર્વ અજ્ઞાનની અંધિને લીધે મોહમત્સર અને મિથ્યા અભિમાનમાં મગ્ન થઇ જગત જાળની ભ્રમણાથી પ્રપંચના પાસમાં ફસાઇને હિંસુક બ-

---

[૧] મનુષ્યાકૃતિ છતાં અજ્ઞાનને લિધે પશુ જેહવો.

ની ગયો હતો. અને તેવીજ રીતીની કર્મ કરણીને લીધે જન્મજરા અને મરણમાં વૃદ્ધિ થવાથી મારી દુર્દશા બની ગઇ હતી. પરંતુ તેવા દુઃખદાયક સમયમાં કાંઇક સુકૃત્યનો ઉદય થવાને લીધે આપના જેવા પ્રરણ પ્રતાપી પવીત્રાપ-રોપકારી સદગુણનિધાન ગુરૂનો આ પ્રસંગે યોગ મળ્યો. તો ધારૂંછું કે ખરેખર મારૂં ભાગ્ય બળવાન થયું. સબબ કે આપ મને તેજોમય જ્ઞાન ચક્ષુ આપી અજ્ઞાનરૂપ મલીનતા નિવારણ કરવા સાથે સમકિતરૂપ તત્વ-જ્ઞાન બતાવી મિથ્યાત્વરૂપ અંધકારનું વિધ્વંસન કર્યું. તેમજ અધર્મથી ઉદ્ધાર કરવા માટે પોતાની ઉદારતા બતાવિ માર્ગના ભુલનારને નેક ન્યાય આપી સન્માર્ગે ચડાવવા તસ્દી સહન કરી. માટે તેની ક્ષમા માગી ધન્યવાદ બોલી આશિર્વાદ આ-પું છું. કે હે ભગવાન! આપનો જય થાઓ! વિજય થા-ઓ! ભદ્ર એટલે કલ્યાણ થાઓ! અને મોક્ષ કલ્પના પાર પડો" તમારા કરેલા ઉપકારના બદલામાં હું ગરીબ પાસે આવા કોઇ ઉમદા પદાર્થ નથી કે જે આપવાથી આપના કરેલા ગુણનો બદલો વાળી શકું!! પણ માત્ર આશીર્વાદ આપી નમસ્કાર કરૂં છું.

વળી હે ગુરૂ! આપની કૃપા દ્દષ્ટિવડે જ્યારથી સારા સાર પદાર્થોની સમજણ લેવા રૂપી જ્ઞાન પ્રાપ્ત થયું, ત્યાર-થી ખાતરી પૂર્વક સમજુ છું કે મારા પવિત્ર ગુરૂમાં અ-પાર સદ્દગુણોએ વાસ કર્યો છે. એમ સમજ્યા છતાં મારી અલ્પ મતિમાં વિભ્રમ થવાથી અથવા કોઇ પણ દુષ્ટ આને

ખળ પ્રપંચી કૃતઘ્ની અને મિથ્યાભિમાન રાખનારા દુર્જનોની પ્રેરણાને લીધે તમારો ઉપકાર માનવાને બદલે અપકાર માની પ્રતિપક્ષી બની કરેલા ગુણને હાની પહોંચાડી હશે તેમજ તે સિવાયના જે જે અપરાધ મારાથી બનેલા હશે, તોપણ તે સર્વને એક તરફ કરી મારા પ્રત્યે આપે પીતા બુદ્ધિ રાખી, મને પોતાના ફરજંદ પ્રમાણે ગણી બેહદ ઉપકાર કર્યોછે. જેમકે પાપમાં પુષ્ટિ પામેલો અને દુષ્ટ સ્વભાવમાં મચી રહેલો પરદેશી રાજા એક વખને પોતાની વાડીમાં કેશી ગુરૂને દેખી, પોતામાં અજ્ઞાન બુદ્ધિ હોવાને લીધે, ગુરૂને માટે કેટલીએક રીતથી વિરૂદ્ધ બોલેલો હતો. પણ તે જ્ઞાન ચક્ષુના પ્રભાવથી કેશી ગુરૂના સમજવામાં હોવા છતાં દુરારાધ્ય પરદેશી રાજા પ્રત્યે પીતા બુદ્ધિથી ન્યાય આપી ભવથી પાર કર્યો હતો. એ વિગેરે અનેક દાખલાઓ છે. માટે તેવાજ ન્યાયથી મારા પ્રત્યે આપે પીતા બુદ્ધિ રાખી કૃતાર્થ કર્યો છે, માટે વિનય પૂર્વક વંદન કરી આપના પવિત્ર ચરણ તલની રજકણ મુસ્તકે ચડાવું છું

એ પ્રમાણે ગુરૂ સ્તવના કરી સર્ધા મુજબ પચખાણ લેવા.

થોડા વખતના અથવા જાવજીવના પચખાણ લેવા વિષે.

જ્ઞાન દર્શનની શુદ્ધિને માટે દેવ " અરિહંત " ગુરૂ "નિગ્રંથ" કેવળ જ્ઞાની મહારાજનો પ્રકાશ કરેલો "જૈનધર્મ" એ ત્રણ તત્વ સિવાય કુગુરૂ કુદેવ અને કુધર્મ એ ત્રણને સંસાર તરવાની ઇચ્છાથી માનવા વાંદવાના પચખાણ. ૧

પહેલા વ્રતને માટે ત્રસજીવો જે કે બેઇંદ્રિ તેઇંદ્રિ ચોરેંદ્રિ અને પચેંદ્રિ જીવોને જાણી ઓળખીને જાવજીવ સુધિ ૭ કોટીએ હણવાના પચખાણ. ૨

બીજા વ્રતને માટે કન્યા તથા જમીન ઢોર અને થાપણ વિગેરેના પ્રસંગથી ખોટી શાક્ષી પૂરી જાવજીવ સુધી ૭ કોટીએ જૂઠું બોલવાના પચખાણ ૩

ત્રીજા વ્રતને માટે ખાતર પાડી ગાંસડી છોડી, પર કુંચીથી તાળા ઉઘાડી ધણીઆની પડેલી વસ્તુઓ ઉઠાવી લેવી, અથવા રણ જુધ અને જળ જુધ કરી ઉપર વાડા તલપવા; વિગેરેથી રાજા દંડ કરે, તેવી મોટી ચોરી કરવાના જાવજીવ સુધી ૭ કોટીએ પચખાણ ૪.

ચોથા વ્રતને માટે સ્ત્રી તથા પુરૂષે દેવતા દેવીઓની સાથે સંસાર વ્યાપ્યારનો સબંધ કરવાના ૭ કોટીએ, તેમજ મનુષ તથા તીર્યચના સ્ત્રીપુરૂષો સાથે કોટીએક, એટલે કાયાથી સંબંધ કરવાના પચખાણ, તેમાં પોતેજ પોતાને આ-

ટે આ પુરૂષોએ ઇચ્છા મુજબ હદ મર્યાદા કરવી. ૫

પાંચમાવ્રતને માટે પોતાની ઘરવખરી સાથે જેટલું ધન છૂટીમાં રાખેલું છે, તે ઉપરાંત વેપારથી વૃદ્ધિ કરવાના દીવસ, માસ, કે વરસ સુધીના પચ્ચખાણ. ૬

છઠ્ઠા વ્રતને માટે પોતાના રહેવાના મકાનથી બહાર ચારદીશા અને વિદીશામાં જાઇ પાંચે આશ્રય શેવવાના એક દીનથી તે સર્વા હોય, તેટલા કાળ સુધીના પચ્ચખાણ કરવા. ૭

સાતમા વ્રતને માટે છવીશ બોલની પોતાને માટે હદ બાંધેલી છે, તે ઉપરાંત પોતાની ઇચ્છાથી જાવજીવ સુધી ઊપભોગ પરીભોગની વસ્તુઓ વધારે લેવાના પચ્ચખાણ કરવા. ૮

આઠમાવ્રતને માટે પોતાની જાતે સર્વ વેપાર કરવાના એકથી તે સર્વા હોય તેટલા દિવસોના નિયમ કરવા. ૯

પૃથ્વીનો આરંભ પોતાની જાતે કરવો નહીં. પણ સ્વભાવિક સ્પર્શ થાય, અથવા કામના પ્રસંગથી ભલામણ કરવી પડે તેની મર્યાદા કરવી. ૧૦

પોતાની જાતે દીન એકમાં પાણીનાં બેડાં પીવાકે વાપરવાને માટે સર્વાપણે છુટ રાખી, બાકાતની બંધી કરવી. ૧૧

પોતાની જાતે લીલોતરીના આરંભની બંધી કરવી, તેમાં તૈયાર વાપરવી પડે, તથા ઔષધ વેષધના પ્રયોગને માટે સર્વા પ્રમાણે છૂટ રાખવી. ૧૨

પોતાની જાતે રાંધવા દળવા ખાંડવા વિગેરે આરંભ-

ના દીન એકથી સવા હોય ત્યાં સુધી બંધી કરવી. ૧૩

ઊપરની રીતે પોતાના શરીરના પરાધીનપણાના વખતમાં સર્વા પૂર્વક આરંભ સમારંભની [1]મર્યાદા કરીને બકાતના સર્વ સંસારીક કામકાજની બંધી કરવી.

અંત સમયના નિયમ કરવા વિષે.

આ સંસારનો વહેવાર ચલાવવા માટે જે જે ઊપયોગી ઉપકરણો મોકળા રાખેલા હતા, તેની તથા ઘર, હાટ, ડેલી, મેડી, વખાર, વાડી, બાગ, બગીચા, હોજ, ફુવારા, બેઠકો તેમજ સેજ, તળાઇ, હીંચોળા, અને માચા, માચી, ખાટ વિગેરે, વળી ચોપગા જાનવરોમાં ગાય, ભેંસ, ઘોડા, ઊંટ, બળદ, વિગેરે તેમજ ધન ધાન્ય સોનું, રૂપું. કાંસુ, કથીર, કલઇ, લોઢું, પીતળ, તાંબુ, તરવું, અને જર્મની થાળી વાટકા, કળસ, કચોળા, કુંડીઆ, ઘાટ ઘરેણા, ઝુમણા હાર ,રત્નાવળી. કનકાવળી, એકાવળી,નવસર,ત્રીસર, ચોસર દોરા, ગંઠા, કડા વેઢ વીંટી કુંડળ એ વિગેરે અભ્યંતર અને બાહ્યજ આરંભ પરિગ્રહ સાથે મારા વહાલા સબંધીઓ જે કે માતા પીતા, ભાઇ, બેન, બેટા, બેટી,વિગેરેના સબંધનો ત્રીવીધે ત્રીવીધે ત્યાગ કરૂં છું. વળી ઇષ્ટકાંતને અતિસ્ય પ્રિય રત્નના કુંડીયા સરીખું મારૂં વહાલું શરીર, તે ઉપર મમતાને લીધે તેના રક્ષણાર્થે અનેક પ્રકારના પ્રયત્ન કરતો હતો, તે

---

[1] છૂટ રાખીને.

હવે પછી તેની મમતાનો ત્યાગ કરૂં છું. તેમજ અઢાર પ્રકારના પાપસ્થાનક તથા ચાર પ્રકારના આહારનો ત્યાગ કરૂં છું.

ઉપરની રીતે [1]અંતના વખતમાં નિયમ કરીને અથવા કરાવીને એમ ચિન્તવન કરવું જે અમારૂં અપચ્છિમ એટલે છેલી ક્રિયાવિધિ સાથે મરણ સમય સંલેખણા ઝુસણાની આરાધના વિધિ પૂર્વક સફળ થાઓ. વળી અરિહંત સિદ્ધ સાધુ તથા જીન પ્રણિત ધર્મ એ ચાર મંગળીક તથા સરણા મુજને સાહાય થાઓ. તથા આ નાશવંત મૃતિકા પીંડની વેષ્ટીત મારૂં શરીર, તે ઉપરથી નિર્મમતી પણે વરતું છું, તેથી મારૂં પંડીત મરણ અતિચાર દોષ વર્જિત સફળ થાઓ.

અંત સમયના વખતમાં ઉપરની રીતે વ્રત નિયમ વિગેરે ક્રિયા વિધિથી આરાધના કરનારાઓએ એવીજ રીતે વર્તીને સ્થિર મન રાખી મુન્ય થઈ એક ધ્યાનથી અંતઃકરણ પૂર્વક અરિહંત સિદ્ધ ગુરૂ અને ધર્મના ઉત્તરોત્ત-

---

૧ અંતસમય એટલે છેલા અવસાન વખતે પચ્ચખાણ કરનારને ખરી સાધ્ય હોય તે વખતે ઉપરની રીતે પચ્ચખાણ કરાવતી વખતે તેને એવી સમ્રતિ આપવી તથા પોતે રાખવી કે જો આયુષ્ય પુરણ થઈ જાયતો જાવજીવ સુધી લીધેલા પચ્ચખાણ મારે સફળ થાઓ અને જો આયુષ્ય રહેતો એક કલાકથી તે જહાં સુધી શ્રદ્ધા હોય તેટલો વખત નિમીને નિયમ કરવા કે કરાવવા; અને નિયમેલા વ-

અંતમાં નિયમ છોડવા જેવું કારણ ન જણાય તો શ્રદ્ધા મુ-જબ વધારે નિયમ મેળવવા ચુકવું નહીં.
૨ ગુરૂનું ચિન્તવન કરવું કે જેથી પોતાનો મૃત્યુ સફળ થાય.

આ ઉપર બતાવ્યા મુજબ જ્ઞાન દર્શન ચારિત્ર તપ એ ચારને નિર્મળ રાખી પવિત્ર થવાની ખાતર લાગેલા દોષનું આલોચણ કરવા સાથે કરેલા અપરાધની ક્ષમા મા-ગી વિધિપૂર્વક સર્ધા મુજબ પચખાણ કરી પોતાનું આ-યુષ્ય પંડિત મરણમાં પૂરણ કરશે, તે ભવ્યજીવો ભવરૂપી સમુદ્રનો ઘણી સહેલાઇથી પાર પામી શકશે.

સમાપ્ત.

પ્રથમ આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ.

પ્રત લેનારનું નામ.

ભાવનગર.

૨ શા ગીરધર વીરજી
૨ શા માણેકચંદ ઝવેરચંદ
૧ જેઠાભાવા બાયાણી
૧ ચુનીલાલ ગોરધનદાસ બાયાણી
૧ કેશવજી ગોકળ બાયાણી
૧ શા ગાંડાલાલ હાથી
૧ શા કુબેરદાસ હરીભાઇ
૧ છગનલાલ લવજી દીવાન
૧ શા કાળુ દેવકરણ લીંબડીવાળા
૧ કબા ગોકળ બદાણી
૧ ધરમસી ઝુંઝા શેઠ લીંબડીવાળા
૧ દયાળ નાથા શાહ
૧ બોટાદરા કબા શામજી
૧ શા ગોરધન ઠાકરસી
૧ માણેકચંદ જુઠા
૧ સુખડીયા ડાયા સુંદરજી
૧ શા માવજી ડાયા શાહ
૧ નાગરદાસ કુંઆશાહ સંઘના મુનીમ
૧ હરીચંદ ભીમજી
૧ અમરચંદ પીતાંબર હિમસદ વાળા રેલવે કલાર્ક

પ્રત લેનારનું નામ

૧ શીવલાલ ધારશી શાહ લીંબડીવાળા
૧ શા ગોવીંદજી વાલજી
૧ શા અમૃતલાલ દામજી શાહ
૧ ગાંધી વલભદાસ ત્રીભોવનદાસ
૧ શા ગાંડા મેઘજી
૧ શા દામોદર મોતીચંદ
૧ બાયાણી ગોપાળજી મેઘજી
૧ શા માણેકચંદ માધવજી
૧ બાયાણી નરસીદાસ જેઠાભાઈ
૨ સુખડીયા રૂપા વધા
૧ હરીભાઈ છગનલાલ સુખડીયા

બોરસદ નંગ ૧૮

૩ મોરારજી રાગદાસ ભાવસાર
૩ નાથાભાઇ કાહાનદાસ ,,
૩ ત્રીભોવનદાસ દાજીભાઈ ,,
૨ નારણજી આશારામ ,,
૨ પ્રાણજીવન માધવજી ,,
૧ મુળજી માધવજી ,,
૧ લલુભાઇ જેચંદભાઇ વડોદરા વાળા
૧ દીપચંદ વીરચંદ ભાવસાર

૧ ગેહેચરદાસ હરગોવીંદ ભાવસાર
૧ જગજીવનદાસ ભગવાનદાસ ,,

ખંભાત નંગ ૧૩

૧ પોપટ વખતચંદ સંઘવી
૧ રતનચંદ મોતીચંદ
૧ છગનલાલ મુળચંદ
૧ જેસંગ ફુલચંદ
૧ કોલાભાઈ ગુલાબચંદ
૧ ગુલાબચંદ [illegible]
૧ નેમચંદ રતનચંદ
૧ નગીનલાલ ડાયાભાઈ
૧ કાળીદાસ કુશળચંદ
૧ ડાયાભાઈ ગુલાબચંદ ગાંધી
૧ રતનચંદ અમીચંદ
૧ જગજીવન હીરાચંદ
૧ ઠાકરચંદ નગીચંદ ભાવસાર

બરવાળા નંગ ૧૪

૩ ધર્મસ્થાનકની લાયબ્રેરી ખાતે
૧ ભુરાભાઈ અમરસી શાહ
૧ ચુનીલાલ વિ૦ કુશળચંદ શાહ
૧ મગનલાલ રાયચંદ શેઠ
૧ ભાઈચંદ વજેચંદ શાહ
૧ મોનજી ઝુમાભાઈ શાહ
૧ હેમચંદ દેવચંદ શાહ
૧ મથુરાદાસ નાગરદાસ પારેખ

૧ વીઠલદાસ જીવા ભાવસાર હાલ ભાવનગર
૧ લલુ નથુ ભાવસાર
૧ જસરાજ રણછોડ ભાવસાર ભાવનગર
૧ નેમચંદ મોતીચંદ ભાવસાર

બોટાદ નંગ ૨૦

૧૦ જૈન ધર્મ પ્રકાશ સભાની લાયબ્રેરી ખાતે
૧ ચત્રભુજ રતનસી પ્રેસીડેન્ટ
૧ અમૃતલાલ જીવણ મંત્રી
૧ ઠાકરસી ડાહ્યા ઉપમંત્રી
૧ દેશાઈ ભોગચંદ જેચંદ હીસાબી
૧ ધારસી સવચંદ પુસ્તકાલયના મેનેજર
૧ સભા સુભેચ્છક શેઠ ત્રંબકલાલ કેશવલાલ દોશી
૧ ચતુર કલ્યાણજી ખખાર
૧ ઠાકરસી ગેહેચરદાસ વસુલાતી વકીલ
૧ જગજીવન લાલચંદ શાહ
૧ મોહનલાલ ઝુંઝાભાઈ ગોપાણી

ગામનાર નંગ ૧૧

૧ વખતચંદ મુળચંદ શાહ

૧ વીરચંદ ગુલાબચંદ શાહ
૧ હીરાલાલ ગુલાબચંદ શાહ
૧ મગનલાલ ગુલાબચંદ શાહ
૧ છગનલાલ ડોસાભાઇ
૧ મગનલાલ ફતેચંદ
૧ પીતાંબરદાસ પાનાચંદ
૧ પાનાચંદ મુળચંદ
૧ નાનાલાલ કસ્તુરચંદ
૧ ફુલાભાઈ બાપરભાઇ પટેલ
૧ જેઠાભાઇ ગોવીંદભાઈ પટેલ

ચુડા નંગ ૧૮

૧ રા. રા. સોભાગ્યચંદ નથુભાઈ ડોકતર
૧ રા. જાલમસંગ પાતાભાઈ કાડીયા
૧ મુળચંદ ચત્રભુજ ગોસળીયા
૧ ચતુરસંઘજી ખંધાર
૧ મોહનલાલ લવજી ધરૂ
૧ લાલચંદ જેઠા ગોસળીયા
૧ બાઈચંદ ત્રીકમજી મેતાલી
૧ લલુભાઈ મગનલાલ ગાંધી
૧ સુકલાલ રાયચંદ દોશી
૧ જેચંદ નેમજી વોરા
૧ ઠાકરસી નાનજી ગાંધી
૧ ત્રીભોવન મોતીચંદ ગોસળીયા
૧ સુકલાલ રતનસી કોઠારી
૧ હરીલાલ નથુભાઈ ખંધાર

૧ ઓઘડ નિમજ ગોસળીયા
૧ ધરમશી જેચંદ શેઠ
૧ ડિજગસી કચરા શાહ
૧ જીવરાજ અમરશી મેતા કુ-ડીયાળા

ઉમરાળા નંગ ૫

૧ ગીગા મનજી
૧ પાનાચંદ ભાગ ચોટલીવાળા
૧ છગનલાલ દેવજી શાહ
૧ ફુલચંદ કાનજી
૧ મોતીચંદ ગીગા

પોરબંદર નંગ ૧૫

૧૫ પુસ્તકાલય ખાતે મનમોહનદાસ કપુરચંદ

કલોલ નંગ ૧૧

૧ શેઠ મગનલાલ અમુલખ
૧ છગનલાલ જેશંગ
૧ ખેલાભાઇ જેચંદ
૧ કચરાભાઈ કેવળદાસ
૧ જેઠાભાઇ મુળચંદ
૧ નગીનલાલ છગુભાઈ
૧ મોહનલાલ ખુશાલદાસ
૧ છગનલાલ વરજીવનદાસ

૧ વગજીવનદાસ સાંકળચંદ
૧ શોભારામ મનસુખરામ
૧ ફકાભાઈ કેવળદાસ

બીલખા નંગ ૬

૨ ગોરધનદાસ અમરશી શાહ
૧ નેતશી નેણશી મા.
૧ દેવચંદ કળીદાસ ગા
૧ ત્રીકમજી પીતાંબરદાસ રૂપાણી
૧ મોહનલાલ પોપટભાઇ

ઘોળેરા બંદર નંગ ૧૪

૧ છગનલાલ ગણેશ
૧ મણીલાલ ડુંગરસી સંઘવી
૧ રાજી ત્રીભોવન ગાંધી
૧ લેહેરા પાનાચંદ શાહ
૧ કેશવલાલ મુળચંદ શેઠ
૧ મોહનલાલ લેહેરાભાઈ શેઠ
૧ ધારશી છગનલાલ
૧ મગનલાલ જુઠાભાઇ સંઘવી,
૧ પાનાચંદ છગનલાલ શાહ
૧ મંગળજી વાલજી શાહ
૧ સુખલાલ ડાયાભાઇ ખંધાર
૧ મણીલાલ અગથાભાઈ શાહ
૧ તળશી ગોકીદાસ ખંધાર
૧ પ્રેમચંદ મથુર શાહ

મેંદરડા નંગ ૫

૧ જસરાજ કેશવજી ઘોડી ગોંડળવાળા
૧ દામજી તેજશી માવાણી
૧ પરશોતમ હેમચંદ માવાણી
૧ લખમીચંદ રાજી
૧ આણંદજી વકીલ -

ઉપલેટા નંગ ૪

૧ લાલચંદ પાનાચંદ નીલાખાવાળા
૧ કાળીદાસ ગોરધનદાસ શેઠ
૧ ખુશાલદાસ કાનજી શેઠ
૧ નરભેરામ ત્રીભોવનદાસ

ગઢડા નંગ ૪

૧ ગોકળદાસ ખોડીદાસ
૧ વાલજી ભીમજી શેઠ
૧ જીવરાજ બેહેચર શેઠ
૧ મંગળજી અમરચંદ

ગુંદાળા નંગ ૨

૧ ભાયાણી રાયચંદ તારાચંદ
૧ પોપટ વસ્તા કામદાર

१ - મોટી વાવડી નંગ ૨

२ નાગરદાસ ગાંગજી

ખસ ગામ નંગ ૨

२ નાનચંદ ભગુ ખંધાર

કવેટા (બલુચિસ્તાન) નંગ १

१ કેસવજી લેહેરાભાઇ સરાફ સબ ટ્રેજરર ગવર્નમેંટ ટ્રેજરરી

બગસરા નંગ ૨

२ રામજી શ્રીપાલ

ભાયાવદર નંગ ૨

१ માણેકલાલ દીયાળજી સ્ટેશન માસ્તર

१ લખમીચંદ ચત્રભજ

જામનગર નંગ ૨

२ મેતા વીરજી પ્રેમજી

કમળેજ નંગ १

१ જીવણ હરીચંદ મેતા

રોજકા નંગ १

१ જીવણ મુંજા શાહ

વઢવાણ શેહેર १

१ છગનલાલ હરિચંદ ગાંધી

ધોળાજી નંગ ૨

२ ડાયાભાઈ અંદરજી કામદાર